સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-

ડિસેમ્બર, ૨૦૨૨

Invitation

100

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

૧૯૨૧-૨૦૨૧

પવિત્ર પ્રેરણાઓનો આંતરરાષ્ટ્રીય મહોત્સવ

## નિમંત્રણમ્

એમના જીવનનો ઉત્સવ એ છે જીવનમાત્રનો ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

આપણા યુગના એક મહાન સંતવિભૂતિ

# એમના જીવનનો મહોત્સવ એ...

**મહોત્સવ છે** માનવજાતનાં સમયાતીત મૂલ્યોનો ઉત્સવ

નમ્રતા... પવિત્રતા... પ્રેમ... ક્ષમા... સંવાદિતાનો ઉત્સવ...

**મહોત્સવ છે** હિન્દુ ધર્મની સીમાતીત સાધુતાનો ઉત્સવ


...ભારતના મહાન ઋષિઓ અને સંતોના સંતત્વનો ઉત્સવ.





જેમની આંખોના ઝરૂખેથી સ્વયં પરમાત્માએ

આ પૃથ્વી પર સ્મિત વેર્યું...



# એમના જીવનનો મહોત્સવ એ...

**મહોત્સવ છે** પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્યતાનો
અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની
આધ્યાત્મિક પરંપરાનો
અને વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શનનો.


**મહોત્સવ છે** તેમના ગુરુઓના સ્નેહથી છલકાતા વ્યક્તિત્વનો,
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના શાશ્વત પ્રેમનો.

**મહોત્સવ છે** તેમના આધ્યાત્મિક અનુગામી
પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પરાભક્તિનો.





સ્વામિનારાયણીય અધ્યાત્મ પરંપરાનાં સારતત્ત્વ અને સાંનિધ્યનું તેમણે વહન કર્યું...



# એમના પવિત્ર હૃદયમાં...

**સૌ કોઈને** આદરપાત્ર સ્થાન મળ્યું હતું –

...બાળકોથી લઈને યુવાનો અને વૃદ્ધો સુધી સૌને,

...દરેક જાતિ, દરેક ધર્મ, દરેક પરંપરા, દરેક પ્રાંતને.

**પ્રત્યેક શુભ વિચાર**, પ્રત્યેક શુભ કાર્યને આવકાર હતો.

...સેંકડો નિ:સ્વાર્થ સેવા-પ્રવૃત્તિઓ ત્યાં ફૂલીફાલી હતી –

આધ્યાત્મિક, સામાજિક, સાંસ્કૃતિક, નૈતિક,

પર્યાવરણીય અને પછાત ઉત્કર્ષ સુધીની તમામ સેવા-પ્રવૃત્તિઓ.

...૧,૨૦૦ મંદિરો, ૫,૦૦૦ સત્સંગકેન્દ્રો, ૧૦૦થી વધુ શાળાઓ અને હોસ્પિટલો.


**પ્રત્યેક હૃદયને** અસીમ પ્રેમ મળ્યો હતો

...અસંખ્ય વ્યક્તિગત મુલાકાતો અને ૭,૫૦,૦૦૦થી વધુ પત્રો દ્વારા

...૧૭,૦૦૦થી વધુ નગરો-ગામો અને ૨,૫૦,૦૦૦થી વધુ ઘરે પધરામણીઓ દ્વારા.



એમની પાસે એક એવું હૈયું હતું જ્યાં સમગ્ર વિશ્વ વસી શકતું હતું...



એવા મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના

ભવ્ય અને અભૂતપૂર્વ શતાબ્દી મહોત્સવમાં

**પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં**

અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં

સહભાગી થવા માટે આપને નિમંત્રણ આપતાં આનંદ અનુભવીએ છીએ.

આપની ઉષ્માભરી ઉપસ્થિતિ અને પ્રાર્થનાથી


અનેક લોકોના ચહેરા પર સ્મિત રેલાશે

જેઓને આધ્યાત્મિક આનંદ અને ભલાઈમાં શ્રદ્ધા છે.

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી**

સાધુ સ્વયંપ્રકાશદાસ, સાધુ ભક્તિપ્રિયદાસ, સાધુ ત્યાગવલ્લભદાસ,

સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ, સાધુ ઘનશ્યામચરણદાસ



# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ સ્થળે કેવી રીતે પહોંચશો?




| | | |
|---|---|---|
| મહોત્સવ સ્થળ | ૧૩૨ ફૂટ રિંગ રોડ | મહોત્સવ સ્થળ તરફ જવા માટે |
| બી.એ.પી.એસ. મંદિર | આશ્રમ રોડ | સ્થળો, વિસ્તાર |
| સરદાર પટેલ રિંગ રોડ | અમદાવાદમાં પ્રવેશવાના માર્ગો | કોટની અંદરનું અમદાવાદ |



# પ્રમુખસ્વામી મહારાજ નગર

## પવિત્ર પ્રેરણાઓનું એક અનોખું વિશ્વ





૬૦૦ એકર ભૂમિમાં વિસ્તરેલું વિશાળ મહોત્સવ સ્થળ

૮૦,૦૦૦ નિઃસ્વાર્થ સેવાધારી સ્વયંસેવકો

પ્રેરણાથી પ્રભાવિત કરતું **અક્ષરધામ મહામંદિર**

યજ્ઞ અને અખંડ ભજનની રમઝટ બોલાવતી **કુટિરો**

**સંધ્યા સમારોહ** દ્વારા સંતો-મહાનુભાવોનો નિત્ય લાભ અને સાંસ્કૃતિક કાર્યક્રમો

પવિત્ર જીવનની પ્રેરણા આપતાં વિવિધ વિષયનાં પાંચ **પ્રદર્શનો**

પવિત્ર મૂલ્યોની પ્રેરણા આપતું ૧૦ એકર ભૂમિમાં વિસ્તરેલું અનુપમ **જ્યોતિ ઉદ્યાન**

**અદ્‌ભુત** લાઈટ એન્ડ સાઉન્ડ શો

આકર્ષક અને ઇન્ટરેક્ટિવ બી.એ.પી.એસ. **બાળનગરી**



**'બીજાના ભલામાં આપણું ભલું છે.'**

- પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

# પ્રમુખસ્વામી મહારાજ નગર

લોકસેવા, સંસ્કૃતિ પ્રસાર અને અધ્યાત્મના ક્ષેત્રે અનન્ય યોગદાન આપનાર મહાન સંતવિભૂતિ **બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ**નો જન્મ શતાબ્દી મહોત્સવ અમદાવાદના આંગણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઊજવાનાર છે. 'બીજાના ભલામાં આપણું ભલું અને બીજાના સુખમાં આપણું સુખ' એ જીવનસૂત્ર જીવનાર પ્રમુખસ્વામી મહારાજનો આ શતાબ્દી મહોત્સવ, તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૨થી તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન, એક મહિના સુધી ધામધૂમથી ભક્તિભાવપૂર્વક ઊજવાશે. સમાજના દરેક સ્તરમાંથી દેશ-વિદેશના લાખો લોકો પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને હૃદયપૂર્વક ભાવાંજલિ અર્પવા આ મહોત્સવમાં ઊમટશે. આ મહોત્સવ સાચા અર્થમાં પવિત્ર પ્રેરણાઓનો મહોત્સવ બની રહેશે, જ્યાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વૈશ્વિક જીવન-કાર્ય-સંદેશ તેમજ સનાતન સાંસ્કૃતિક મૂલ્યો વિવિધ માધ્યમો દ્વારા પ્રસ્તુત થશે, જે લોકોને જીવન-ઘડતરની પ્રેરણાઓથી છલકાવશે. આ મહોત્સવની ભવ્ય આંતરરાષ્ટ્રીય ઉજવણી માટે ૬૦૦ એકરની વિશાળ ભૂમિ પર મહોત્સવ સ્થળ અપૂર્વ અને અદ્ભુત 'પ્રમુખસ્વામી મહારાજ નગર' આકાર પામ્યું છે. આવો, તેની ઝલક મેળવીએ...




## ● પ્રયોજકઃ બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા

આંતરરાષ્ટ્રીય સ્તરે માનવસેવા અને સંસ્કાર-સિંચનનું અભિયાન ચલાવતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આ ભવ્ય મહોત્સવનું આયોજન કર્યું છે. આ સંસ્થાએ શિક્ષણ, આરોગ્ય, રાહત કાર્ય, આદિવાસી-પછાત ઉત્કર્ષ, બાળ-યુવા સંસ્કાર, મહિલા ઉત્કર્ષ વગેરે સેવાઓ દ્વારા વિશ્વભરમાં લોકચાહના મેળવી છે. અનેકવિધ સામાજિક-પ્રાકૃતિક આપત્તિઓના સમયમાં આ સંસ્થાએ નિઃસ્વાર્થ ભાવે સહાયનો હાથ લંબાવ્યો છે. વિરાટ પાયે સાંસ્કૃતિક મહોત્સવો ઊજવીને સંસ્થાએ લાખો લોકોને જીવનઘડતરની પ્રેરણા આપી છે.

## ● સંતો અને સ્વયંસેવકોનું સેવા-બલિદાન

પ્રમુખસ્વામી મહારાજના નિઃસ્વાર્થ પ્રેમથી પોતાનું જીવન સમર્પિત કરનારા ૧૨૦૦થી વધુ સુશિક્ષિત સંતોનો વિશાળ સમુદાય અને કુલ ૮૦,૦૦૦થી વધુ સ્વયંસેવકો આ મહોત્સવ દરમ્યાન રાત-દિવસ સેવા આપશે. કુલ ૪૫ જેટલા વિભાગ દ્વારા આ મહોત્સવનું સફળ આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ પ્રાંતોમાંથી આવેલા વિવિધ શૈક્ષણિક અને સામાજિક ભૂમિકાઓ ધરાવતા આ હજારો સ્વયંસેવકો, ભક્તો-ભાવિકો તેમજ સંતો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની એક કરોડરજ્જુ સમાન છે, જેઓએ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં વિરાટ સેવાયજ્ઞ કરીને સેવા-સમર્પણનું એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ નગર પ્રેરણાનું અમૃત વહાવતી અનેકવિધ રચનાઓથી 'કલ્ચરલ વન્ડરલેન્ડ' બની રહેશે. આ મહોત્સવ સ્થળનાં કેટલાંક આકર્ષણો આ મુજબ છેઃ



## કલાત્મક સાંસ્કૃતિક પ્રવેશદ્વારો




પ્રમુખસ્વામી મહારાજ નગરમાં પ્રવેશ માટે કુલ ૭ કલામંડિત સાંસ્કૃતિક પ્રવેશદ્વારો રચવામાં આવ્યા છે, જે મહોત્સવ સ્થળે પધારતા સૌનું ઉષ્માભર્યું સ્વાગત કરશે. સરદાર પટેલ રિંગ રોડ પરથી પ્રમુખસ્વામી મહારાજ નગરનું ભવ્ય મુખ્ય પ્રવેશદ્વાર જોઈ શકાય છે, જે ૩૮૦ ફૂટ પહોળું અને ૫૨ ફૂટ ઊંચું છે. આ પ્રવેશદ્વાર ભારતીય સંસ્કૃતિના મહાન જ્યોતિર્ધર સંતોની યાદ અપાવે છે. મહોત્સવ સ્થળની બંને બાજુએ વિશાળ નિઃશુલ્ક પાર્કિંગ છે, જેમાંથી 'પ્રમુખસ્વામી મહારાજ નગર'માં પ્રવેશ કરાવતાં અન્ય છ પ્રવેશદ્વાર પણ કળા-કારીગરીના ઉત્કૃષ્ટ નમૂના રૂપ છે. ૧૧૬ ફૂટ લંબાઈ અને ૩૮ ફૂટ ઊંચાઈ ધરાવતા આ દરેક પ્રવેશદ્વાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વિશિષ્ટ વ્યક્તિત્વ અને જીવનરેખાની સ્મૃતિઓ કરાવશે.



## પ્રમુખસ્વામી મહારાજની ભવ્ય પ્રતિમા


નગરમાં પ્રવેશતાં જ એક વિશાળ વર્તુળ વચ્ચે ૧૫ ફૂટ ઊંચી પીઠિકા પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની વિશાળ ૩૦ ફૂટ ઊંચી સ્વર્ણિમ પ્રતિમા સૌને આકર્ષશે. તમામ મુલાકાતીઓ અહીં વંદન કરીને પ્રમુખસ્વામી મહારાજ અને ભારતની મહાન સંત પરંપરાને ભાવાંજલિ અર્પશે. આ પ્રતિમાની આસપાસના વર્તુળમાં ૨૪ કલાક સેવારત પ્રમુખસ્વામી મહારાજની પ્રેરક ગાથા પ્રદર્શિત છે, જ્યાંથી લોકોને નિઃસ્વાર્થ સેવાની પવિત્ર પ્રેરણાઓ મળશે.




## વિવિધ પ્રેરણાઓ આપતા પ્રદર્શન ખંડો

પ્રમુખસ્વામી મહારાજ નગરના મધ્ય માર્ગની બંને બાજુએ પાંચ પ્રદર્શનોની અનોખી પ્રસ્તુતિઓ છે. આ વિશાળ પ્રદર્શન ખંડો આપણાં શાશ્વત મૂલ્યોની પ્રેરણા આપશે.

'चलो, तोड दें ये बंधन', 'संत परम हितकारी', 'टूटे हृदय, टूटे घर', 'सहजानंद ज्योति मंडपम्' અને 'मेरा भारत, हमारा भारत' - એ પાંચ પ્રદર્શન ખંડો વિવિધ માધ્યમોની રચનાત્મક પ્રસ્તુતિઓથી દર્શકોને જકડી રાખશે. પ્રત્યેક પ્રસ્તુતિ એક આગવો વિષય લઈને પ્રેરણા આપે છે.



નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો દ્વારા જીવન-ઘડતર, પારિવારિક શાંતિ, વ્યસનમુક્તિ અને રાષ્ટ્રસેવા વગેરેની રોમાંચક પ્રસ્તુતિઓ દ્વારા દર્શનાર્થીઓ અહીં પ્રેરણાથી હર્યાભર્યા બનશે.



## ભવ્ય અક્ષરધામ મહામંદિર

નગરના મધ્યમાં, દિલ્હી ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે રચેલા ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરની વિશાળ હૂબહૂ પ્રતિકૃતિ રચવામાં આવી છે. ૬૭ ફૂટ ઊંચા

આ વિશાળ અક્ષરધામ મંદિરમાં ભગવાનનાં વિવિધ સ્વરૂપોનાં દર્શન અને પ્રાર્થના કરીને દર્શનાર્થીઓ તીર્થયાત્રા કર્યાનો સંતોષ અનુભવશે.



## બાળકો માટે સાંસ્કૃતિક બાળનગરી

લાખો બાળકો પર નિઃસ્વાર્થ સ્નેહ વરસાવનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે બાળકો કેવી રીતે વંચિત રહી શકે! તેથી જ અહીં બાળકો માટે ૧૭ એકરમાં ફેલાયેલી વિશિષ્ટ બાળનગરી રચવામાં આવી છે, જ્યાં બાળકો સંસ્કાર, શિક્ષણ, સેવા અને આરોગ્યની પ્રેરણા લઈને આનંદ અને ઉત્સાહથી છલકાશે. આ બાલનગરીના ત્રણ ખંડો દ્વારા બાળકો માતપિતાના અનંત ઉપકાર અને સૌને આદર આપવાની પ્રેરણા મેળવશે, પ્રાર્થના અને પુરુષાર્થ દ્વારા સફળતાના પાઠ દૃઢ કરશે, વાર્તા દ્વારા સ્વવિકાસના પાઠ શીખશે. નિયમ કુટિરમાં નિયમો લઈને જીવન ઉન્નત બનાવશે. અહીં બાળકો માટે નૃત્ય અને સંગીતથી ભરપૂર પ્રેરક કાર્યક્રમો પણ યોજાશે. આ બાળનગરી હજારો બાળ-સ્વયંસેવકો દ્વારા સંચાલિત થશે. અહીં વિવિધ કાર્યક્રમોમાં જે બાળકો જોડાવાના છે તેમના અભ્યાસની પણ નિષ્ણાતો દ્વારા ખાસ કાળજી લેવામાં આવી છે.



## બાળકો-યુવાનોના ટેલેન્ટ મંચ

મહોત્સવ સ્થળે બાળકો-યુવાનોની શક્તિઓને ખીલવતા વિવિધ ટેલેન્ટ શો પણ યોજાશે. તે માટે અલગ અલગ બે મંચ રચવામાં આવ્યા છે. અહીં વ્યક્તિગત અને સમૂહગાન, શાસ્ત્રીય અને સુગમ સંગીત, વાદ્યસંગીત, યોગ પ્રસ્તુતિ તેમજ વિવિધ સાંસ્કૃતિક નૃત્યો રજૂ કરીને બાળકો-યુવાનો-યુવતીઓ સૌને આનંદની સાથે કળા-કૌશલ્યની તેમજ સાંસ્કૃતિક પ્રેરણાઓ આપશે. લગભગ ૧૫૦થી વધુ બાળકો-યુવકો આ રજૂઆત માટે છેલ્લા ૩ મહિનાથી તાલીમ લઈ રહ્યા છે.

## આંતરરાષ્ટ્રીય વિદ્વત્ પરિષદો

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અનેકવિધ ઉચ્ચતર શૈક્ષણિક સંસ્થાનો દ્વારા સમાજના હિત માટે સંશોધનકારો અને વિદ્વાનોને પ્રોત્સાહિત કર્યા હતા. આથી, શતાબ્દી મહોત્સવના ઉપક્રમે મહોત્સવ સ્થળે વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની એકૅડેમિક કોન્ફરન્સ - વિદ્વત્પરિષદો યોજાશે, જેમાં ભાગ લેનાર દેશ-વિદેશના પ્રસિદ્ધ વિદ્વાનો વિવિધ વિષયો પર શોધનિબંધો પ્રસ્તુત કરશે.

## સર્વધર્મ સંવાદિતાનું પ્રયાગતીર્થ

'પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે જ ધર્મ' - ધર્મની આ અનોખી વ્યાખ્યા આપીને સમાજમાં સર્વ ધર્મ-આદરની જાગૃતિ માટે સતત પ્રયાસ કરનાર પ્રમુખસ્વામી મહારાજે દરેક ધર્મની આસ્થા અને પરંપરાને આદર આપ્યો છે. સનાતન હિન્દુ ધર્મના એક સ્તંભ તરીકે તેમણે બૌદ્ધ, જૈન, શીખ, ખ્રિસ્તી, યહૂદી, મુસ્લિમ કે અન્ય ધાર્મિક પરંપરાઓ અને ઘણા દેશોના ધુરંધરો સાથે સંવાદ સાધ્યો છે. તેથી જ પ્રમુખસ્વામી મહારાજનો આ શતાબ્દી મહોત્સવ તમામ ધર્મોનું પ્રયાગ તીર્થ બનશે.

## પ્રેમવતી ઉપાહાર ગૃહ

મહોત્સવ સ્થળે દર્શનાર્થીઓને રાહત દરે પરંપરાગત શાકાહારી વાનગીઓ અને રિફ્રેશમેન્ટ મળી રહે તે માટે ઠેર ઠેર પ્રેમવતી ઉપાહાર ગૃહ સજ્જ રહેશે.



## ઝળહળતી પ્રેરણાઓનો જ્યોતિ ઉદ્યાન

મહોત્સવ સ્થળના કેન્દ્રમાં, અનેકનાં જીવનમાં પ્રકાશ પાથરનાર પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ સાથે એક અનુપમ થીમેટિક પાર્ક સૌની આંખોને રંગબેરંગી રોશનીથી ઠારશે. એ છે પ્રમુખ જ્યોતિ ઉદ્યાન, જ્યાં દિવસ કરતાં રાત વધુ સોહામણી હશે. ૬ વિભાગમાં વહેંચાયેલા આ ઝળહળતા ઉદ્યાનમાં ફૂલો, પ્રાણીઓ, પક્ષીઓની ભાતીગળ જ્યોતિર્મય રચનાઓ, બોધકથાઓ, સંસ્કૃતિનો શાશ્વત સંદેશ આપે છે, તેમજ ભગવાન, ગુરુ, શાસ્ત્ર, રાષ્ટ્ર, વિશ્વ અને પ્રકૃતિમાં શ્રદ્ધા દૃઢ કરાવે છે. અહીં આઝાદીના અમૃત મહોત્સવનો પણ સંદેશ ઝળહળે છે. આ જ્યોતિ ઉદ્યાન મહોત્સવ સ્થળનું એક અનુપમ આકર્ષણ કેન્દ્ર બની રહેશે.



રંગારંગ લાઈટ એન્ડ સાઉન્ડ શો

મહોત્સવ સ્થળનાં વિવિધ આકર્ષણોમાં એક મહત્ત્વનું આકર્ષણ હશે - લાઈટ એન્ડ સાઉન્ડ શો. 'महोत्सव पूर्ण पुरुष का' શીર્ષક ધરાવતો આ અદ્‌ભુત લાઈટ એન્ડ સાઉન્ડ શો મહોત્સવ સ્થળની પ્રત્યેક રાત્રિએ સૌને અનોખો આનંદ આપશે. ૩૦૦ કરતાં વધારે બાળકો-યુવાનોની રંગારંગ પ્રસ્તુતિ દ્વારા અહીં સંદેશ આપવામાં આવશે - પારિવારિક એકતા, સેવા અને પરોપકારનો.

આ ઉપરાંત, વૈદિક યજ્ઞ કુટિર, અખંડ ભજન કુટિર, રક્તદાન યજ્ઞ વગેરે જેવી વિવિધ આધ્યાત્મિક અને સેવા-પ્રવૃત્તિઓ અહીં અનોખો રંગ જમાવશે.



મહિલા મંચ દ્વારા વિવિધ પ્રસ્તુતિઓ

મહોત્સવ સ્થળે મહિલા ઉત્કર્ષની અનેકવિધ ગતિવિધિઓ માટે 'નારી ઉત્કર્ષ મંડપમ્' રચવામાં આવ્યો છે, જ્યાં સતત એક મહિના સુધી મહિલા ઉત્કર્ષના ભાતીગળ કાર્યક્રમો, પરિષદો તેમજ રજૂઆતો થશે. મહિલાઓ, યુવતીઓ, બાલિકાઓ દ્વારા રજૂ થનારા આ કાર્યક્રમોમાં ભારત અને વિદેશના અનેક મહિલા મહાનુભાવો કાર્યક્રમને શોભાવશે.



આકર્ષક હરિયાળીથી સભર લેન્ડસ્કેપ

અનેકવિધ પર્યાવરણ સેવાઓ કરનાર પ્રમુખસ્વામી મહારાજે પર્યાવરણની રક્ષા માટે વૃક્ષારોપણથી લઈને અનેકવિધ જનજાગૃતિ અભિયાનો યોજ્યાં હતાં. એટલે જ તેઓના શતાબ્દી મહોત્સવમાં વૃક્ષો અને રંગબેરંગી ફૂલછોડની આકર્ષક બિછાત બિછાવવામાં આવી છે. તેની પૂર્વ તૈયારી રૂપે ૩ એકર જમીનમાં ૧૦ લાખથી વધુ ફૂલછોડની નર્સરી તૈયાર કરવામાં આવી છે. અહીં આસામથી લઈને મહારાષ્ટ્ર, ગુજરાત તેમજ ભારતના અન્ય પ્રદેશોમાંથી ફૂલછોડ લાવવામાં આવ્યા છે, જેના ઉછેરમાં ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.



વિશાળ સભાગારમાં વિવિધ કાર્યક્રમો

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં બે વિશાળ સભાગારમાં એક મહિના સુધી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંતો-મહંતો, વક્તાઓ, મહાનુભાવો વગેરે દ્વારા પ્રેરણાદાયી, ચિંતનશીલ પ્રવચનો, ભક્તિમય સંગીત અને અન્ય હૃદયસ્પર્શી રજૂઆતોથી મંચ ગુંજી ઊઠશે. આમ, પ્રમુખસ્વામી મહારાજ નગર એક પવિત્ર પ્રેરણાઓનું અનોખું નગર બની રહેશે. ◆

# પવિત્ર ગોદાવરીના તટે તીર્થધામ નાસિકમાં

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ



પવિત્ર બ્રહ્મસરિતા શ્રી ગોદાવરી નદીના તટે વસેલી નાસિક નગરી હિંદુ સનાતન ધર્મનું મહાન તીર્થ છે.

જ્યાં સ્વયં ભગવાન શ્રીરામે પોતાની પદરજથી પાવન તીર્થ રચ્યું છે, જ્યાં કુશાવર્ત કુંડ અને બ્રહ્મગિરિની સમીપે શ્રી ત્ર્યંબકેશ્વર મહાદેવ જ્યોતિર્લિંગ સ્વરૂપે બિરાજે છે, જ્યાં શતાબ્દીઓથી સિંહસ્થ કુંભમેળાના અવસરે અગણિત મહાન સંતોની ચરણરજથી સૌ પાવન થાય છે, જ્યાં ૨૦૦ વર્ષ પૂર્વે નીલકંઠ બ્રહ્મચારી તરીકે પધારીને ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેકનાં કલ્યાણ કર્યાં હતાં,

એવું પાવન તીર્થધામ એટલે નાસિક.

અત્રે સીતા માતાએ વાવેલાં પાંચ વટવૃક્ષને કારણે આ વિસ્તાર 'પંચવટી' તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. ભગવાન શ્રીરામ ગોદાવરી તટે જ્યાં સ્નાન કરતા તે સ્થાન 'રામકુંડ' તરીકે અનેરો મહિમા ધરાવે છે.

દક્ષિણથી ઉત્તરની યાત્રા કરી રહેલા શ્રી નીલકંઠવર્ણી મહારાષ્ટ્રમાં પંઢરપુર, પૂના, બુરાનપુર, ખાનદેશ, માલેગાંવ થઈને દંડકારણ્ય ક્ષેત્રમાં પંચવટી તપોવનમાં પધાર્યા હતા. કેવડીવનમાં નિત્ય ગોદાવરીમાં સ્નાન કરતા શ્રી નીલકંઠવર્ણીએ એક માસ જેટલો સમય અહીં બિરાજીને અનેકનાં મોક્ષદ્વાર ખુલ્લાં મૂક્યાં હતાં. અહીંથી ત્ર્યંબકેશ્વર તીર્થ થઈને તેઓ ગુજરાત ભણી પધાર્યા હતા.

આમ, નાસિક સાથેનો સ્વામિનારાયણ સંપ્રદાયનો સંબંધ ૨૦૦ વર્ષ પુરાણો છે. નાસિકનો આ સ્નેહસંબંધ સન ૧૯૪૩માં વિશેષ ઝળહળી ઊઠ્યો. આ વર્ષે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં પધારીને સત્સંગિજીવન' ગ્રંથનું સપ્તદિવસીય પારાયણ કર્યું હતું. મુંબઈના ભક્તરાજ શ્રી રામજી કેશવજી મિસ્ત્રીએ અહીં પંચવટીમાં યોજેલા આ પારાયણમાં શાસ્ત્રીજી મહારાજની સાથે પ્રમુખસ્વામી મહારાજે પણ કથારસની ઉત્તમ જમાવટ કરેલી. આ અવસરે શાસ્ત્રીજી મહારાજે આર્ષવાણી ઉચ્ચારી હતી કે ''અહીં ભવિષ્યમાં મંદિર થશે અને સંતો રહેશે.''

આમ, કથા-વાર્તાથી નાસિકને ડોલાવનારા પ્રમુખસ્વામી મહારાજ સરકતા સમયે યોગીજી મહારાજની સાથે અહીં બે વખત પધારેલા. સ્પેશિયલ ટ્રેનયાત્રા ઉપક્રમે થયેલી આ પધરામણી બાદ પણ તેઓનાં પગલાં અહીં વખતોવખત પડતાં રહ્યાં. સન ૧૯૮૧માં દેવલાલીમાં શિબિર કરેલી ત્યારે પણ અહીં પધારીને પ્રમુખસ્વામી મહારાજે તીર્થયાત્રા કરી હતી. આ ઉપરાંત શ્રી ભીખાભાઈ પટેલ(પલાણાવાળા), શ્રી ભીમજીભાઈ રામપરિયા ઉપરાંત અન્ય હરિભક્તોનાં ઘર તથા શ્રી વાલજીભાઈની બોય્ઝ ટાઉન સ્કૂલ વગેરે સ્વામીશ્રીની પધરામણીથી પાવન થયેલાં છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ અનેકવાર નાસિક પધારી હરિભક્તોના ભાવ પૂરા કર્યા છે. પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીના માર્ગદર્શન, પ્રેરણાથી મુંબઈ મંદિરેથી સંતો અહીં વિચરણ માટે અવારનવાર પધારતા. ખાનદેશ, વિદર્ભ જતાં-આવતાં સંતો નાસિક રોકાઈને સત્સંગનો લાભ આપતા. તેથી ધીરે ધીરે વધવા માંડેલા શુદ્ધ ઉપાસનાના વહેણમાં ઘણા મુમુક્ષુ ખેંચાયા. તેઓના ભક્તિભાવથી ભગવાન શ્રી સ્વામિનારાયણની મહેર થઈ અને અત્રે સન ૧૯૯૨માં સત્સંગ માટે એક સ્થાયી સ્થાનની ગોઠવણ થઈ ગઈ. શહેરના હકમોલા નામના વિસ્તારમાં ઇંદ્રકુંડ પાસે વસેલી સિંધી સમાજની ધર્મશાળામાં હરિભક્ત શ્રી ઘનશ્યામભાઈ પાગરાણીના સૌજન્યથી એક ઓરડો મળતાં તેમાં જ અઠવાડિક સત્સંગ સભા યોજાવા લાગી. તેને આજે અત્રે ઊભેલા ભવ્ય શિખરબદ્ધ મંદિરનું બીજારોપણ કહી શકાય! આ ઓરડામાં સન ૧૯૯૩માં વિધિવત્ અક્ષરપુરુષોત્તમ મહારાજની ચિત્રપ્રતિમા પધરાવી ત્યારથી આરંભાયેલા સત્સંગનું કદ દિન-પ્રતિદિન વિસ્તરવા લાગ્યું. તેને સમાવવામાં એક ઓરડો સાંકડો પડતાં મોટી જગ્યાની શોધખોળ શરૂ થઈ. સૌના સહયોગથી કેવડીવનમાં એક પ્લોટ લેવાનું નક્કી થયું.

સન ૨૦૦૩માં દિલ્હી ખાતે શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરની પ્રતિષ્ઠા કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ધુલિયા પધાર્યા હતા. તે વખતે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને નાસિકથી શ્રી હીરેનભાઈ નટુભાઈ પટેલ, શ્રી રાજુભાઈ ઠક્કર, શ્રી બાલાસાહેબ સાનપ વગેરે જગ્યાનો લે-આઉટ અને આ જગ્યા ઉપર કેવી ઇમારત બની શકે તેનો પ્લાન લઈને ધુલિયા સ્વામીશ્રી પાસે ગયા હતા. સાથે કુંભમેળામાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સેવાપ્રવૃત્તિની વાત

નાસિક ક્ષેત્રનું પૌરાણિક તીર્થ - દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું એક ત્ર્યંબકેશ્વર મહાદેવનું મંદિર,
જ્યાં પધારી શ્રી નીલકંઠવર્ણી ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી ત્ર્યંબકેશ્વર મહાદેવને જલાંજલિ અર્પણ કરી હતી...





સન ૧૯૪૩માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સાથે યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે નાસિક પધારીને સત્સંગિજીવન પારાયણનો લાભ આપ્યો હતો, તેનાં આધ્યાત્મિક આંદોલનો આજેય અહીં ગુંજે છે...

કરી. પ્રમુખસ્વામી મહારાજે વિગતવાર બધી માહિતી મેળવી આશીર્વાદ આપ્યા. તે વખતે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે નાસિક તીર્થધામ છે, કુંભમેળો થાય છે. રામ ભગવાન આવ્યા છે. નીલકંઠવર્ણી રૂપે ભગવાન પધાર્યા છે. તો 'ત્રણ ખંડ, ત્રણ શિખર શહેરને શોભે એવું ગુલાબી પથ્થરનું મંદિર કરવું છે.' સાથે સાથે એમ પણ કહ્યું કે હાલ એક શેડ બનાવી તેમાં ઠાકોરજી પધરાવી અને સત્સંગ કરવો અને કુંભમેળામાં જે સેવાપ્રવૃત્તિ કરવાની છે તે કરવી.

આ રીતે નાસિકમાં નૂતન બી.એ.પી.એસ. હરિમંદિરના શ્રીગણેશ થયા.

સ્વામીશ્રીના આશીર્વાદથી ગતિવિધિએ યોગ્ય આકાર પકડતાં અત્રે સંપાદિત થયેલી ભૂમિ પર પતરાંનો શેડ અને જરૂરી ગોઠવણ ઊભાં કરી નાનકડું હરિમંદિર રચવામાં આવ્યું. ફક્ત ૪૫ દિવસમાં જ તૈયાર થઈ ગયેલા આ હરિમંદિરમાં પધરાવવા માટેની ફાઇબરની અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ સાથે રાધાકૃષ્ણની ચિત્રપ્રતિમા અને ગુરુપરંપરાની મૂર્તિઓ પ્રમુખસ્વામી મહારાજે વિદ્યાનગરમાં પ્રતિષ્ઠિત કરી. તેનું સ્થાપન તા. ૩૦-૭-૨૦૦૩ના રોજ કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી દ્વારા થતાં નાસિકમાં કાર્યરત સત્સંગપ્રવૃત્તિને વિશેષ પ્રોત્સાહન મળવા લાગ્યું.

સન ૨૦૦૩ના ઑગસ્ટ માસમાં નાસિક ખાતે યોજાયેલા કુંભ મેળામાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા અન્નક્ષેત્ર, વ્યસનમુક્તિ યજ્ઞ, રોગનિદાન યજ્ઞ અને સારવાર માટે એમ્બ્યુલન્સ જેવી કંઈક સુવિધાઓ અને સેવાઓની સરિતા વહી હતી. તેને જાણી-માણી અયોધ્યાના મહામંડલેશ્વર પૂજ્ય નૃત્યગોપાલદાસજી, અગ્રણી નેતા શ્રી અશોક સિંઘલ, શ્રી નીતિન ગડકરી વગેરે પણ ઘણા પ્રભાવિત થયા હતા. એ જ રીતે સન ૨૦૧૫માં પણ કુંભમેળામાં મંદિર દ્વારા વિવિધ સેવાપ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. ૧૮૦થી વધારે બી.એ.પી.એસ.ના સંતોએ નાસિક પધારી ગોદાવરીમાં પૂજન-સ્નાન કર્યું હતું.

આ રીતે નાસિકમાં સેવા-સત્સંગની પ્રવૃત્તિનો વ્યાપ ધીમે ધીમે વધવા લાગ્યો. સાથે પ્રમુખસ્વામી મહારાજની ઇચ્છાનુસાર મંદિરની આજુબાજુની જગ્યા સંપાદનનું કાર્ય પણ ગતિ પકડવા લાગ્યું. આ કાર્યમાં પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીનો સહકાર ને અમૂલ્ય માર્ગદર્શન હંમેશાં ગતિ આપતાં રહ્યાં.

આ રીતે સૌનાં દિલ-દિમાગ પર છવાતી જતી નાસિકની સંસ્થાકીય પ્રવૃત્તિને જબરજસ્ત વેગ મળ્યો - તા. ૨૪-૧-૨૦૧૧ના રોજ. આ દિવસની સવારે મુંબઈના યોગી સભાગૃહમાં પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે નાસિકના નિર્માણાધીન શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ સંપન્ન કર્યો હતો. આ અવસરે પ્રમુખસ્વામી મહારાજે આશીર્વચનમાં જણાવ્યું હતું કે 'નાસિક ઉત્તમ તીરથ છે. શાસ્ત્રોમાં એનો મહિમા છે. પૂર્ણ કુંભમેળો થાય છે. શ્રીજીમહારાજની દૃષ્ટિ પડી એટલે સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તો માટે એનો મહિમા વિશેષ છે. ત્યાં સારામાં સારું મંદિર થશે ને બધાને લાભ થશે.' તેઓ દ્વારા પૂજાયેલી આ શિલાઓને પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૧૧-૧૧-૨૦૧૭ના રોજ નિર્માણાધીન મંદિરના ગર્તમાં

સન ૨૦૧૧માં પ્રમુખસ્વામી મહારાજે નાસિક ખાતે રચાનાર શિખરબદ્ધ મંદિરની શિલાઓનું પૂજન કર્યું અને મહંત સ્વામી મહારાજે એ પૂજિત શિલાઓને ભૂમિમાં સ્થાપી, ત્યારે આ ભાવિ મંદિરની ભવ્યતા અંગે તેઓએ ઉચ્ચારેલા શબ્દો આજે સાકાર થયા છે...

પધરાવી તે ક્ષણ ઐતિહાસિક બની રહી. તે સમયે પૂજ્ય મહંત સ્વામી મહારાજે કહેલું કે 'પૂજ્ય કોઠારી સ્વામી તો વચનસિદ્ધ છે. અઢી વર્ષમાં મંદિર પૂર્ણ થઈ જશે. બધા લાભ લેશે.' આ પ્રસંગે તત્કાલીન બાંધકામ મંત્રીશ્રી એકનાથ શિંદે, પર્યટન મંત્રીશ્રી જયકુમાર રાવલ, પૂર્વ મંત્રીશ્રી અરુણભાઈ ગુજરાતી, સ્થાનિક આમદાર બાલાસાહેબ સાનપ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સ્વામીશ્રીએ ગર્તમાં શિલાની સાથે દૈવત પણ પૂરતાં મંદિર-નિર્માણની ગતિવિધિએ વેગ પકડ્યો. તેના ફળસ્વરૂપે તા. ૧૨-૨-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રથમ સ્તંભની સ્થાપના કરવા અત્રે પુનઃ પધાર્યા હતા. આ અવસરે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: ''આ તો તીર્થસ્થાન છે. અહીં લાખો માણસો આવે છે ને બધા અહીં આવશે જ. ને ખાલી આવશે એમ નહીં, તે બધાનું કલ્યાણ થશે. આ શ્રીજીમહારાજનું સ્થાન છે. શ્રીજીમહારાજ અહીં આવેલા છે. અઢી વર્ષ પહેલાં મંદિર થઈ જાય! બધા હરિભક્તો અહીં આવ્યા છે, તે બધાના દેશકાળ ખૂબ સારા થાય. બધા તને-મને-ધને સુખી થાય, આ નાસિક મંદિર સર્વોપરી થશે ને ડંકો વાગશે.''

સ્વામીશ્રીના આ આશીર્વાદના અમીસિંચનથી ભક્તોમાં ભાવભરતી ચઢી આવી. તેથી પુરજોશમાં આરંભાયેલા નિર્માણકાર્યને કોરોના મહામારીએ રોકવાનો પ્રયત્ન કર્યો, પણ કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી સૌમાં પ્રેરણા અને પ્રોત્સાહનનાં પીયૂષ રેડતાં ગયાં. તેનાં પરિણામે મંદિર નિર્માણકાર્યે વેગ પકડ્યો. તળમંદિરનું કાર્ય પૂર્ણ થતાં દ્વિતીય સોપાનરૂપે તેની ઉપર મુખ્ય ઘુમ્મટના પ્રથમ સ્તંભ સ્થાપનનું મુહૂર્ત આવ્યું. પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય અભયસ્વરૂપદાસ સ્વામી, સંતો, ભક્તોની ઉપસ્થિતિમાં ગંગા, યમુના, સરસ્વતી, ગોદાવરીવાળા સ્તંભનું સ્થાપન કરવામાં આવ્યું. તા. ૨૧-૨-૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં મંદિરનો પ્રથમ સ્તંભરોપણવિધિ યોજાયો હતો. નેનપુર ખાતે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ઓન-લાઈન માધ્યમથી સ્તંભરોપણ વિધિમાં જોડાયા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી મંદિરનું કાર્ય નિર્વિઘ્ને આગળ વધી રહ્યું હતું. તા. ૨-૪-૨૦૨૨ના રોજ શિખર, ઘુમ્મટ ઉપરના આમલસારાનું વિધિવત્ સ્થાપન પૂજ્ય કોઠારી સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં થયું હતું.

જોતજોતાંમાં નાસિક મંદિરનું કાર્ય પૂર્ણતાના આરે પહોંચ્યું અને પ્રતિષ્ઠાવિધિનો અવસર આવી પહોંચ્યો. પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીનો દૃઢ સંકલ્પ હતો કે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા મંદિરમાં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થાય અને પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે મંદિર રચાયું છે તો તેમના જન્મશતાબ્દી મહોત્સવ પૂર્વે પ્રતિષ્ઠા સંપન્ન થાય અને તેમનાં ચરણોમાં મંદિર અર્પણ થાય. પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, સંતો તેમજ હરિભક્તોના સંકલ્પે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ નાસિક પધાર્યા અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી નાસિકના નજરાણા સમું નયનરમ્ય શિખરબદ્ધ મંદિર પ્રતિષ્ઠિત થઈ ગયું. ◆



## તીર્થભૂમિ નાસિક ખાતે રચાયેલું
## નવનિર્મિત કલામંડિત

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર





**ચુગોથી વહેતી ગોદાવરી નદીનાં નીર અને સંતો-મહાપુરુષોની ચરણરજથી પાવન તીર્થધામ નાસિકમાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની પધરામણીથી ધન્ય થયેલી ધરતી પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે રચાયું કલામંડિત ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર**

મહારાષ્ટ્રની મોહમયી મુંબઈ નગરીથી ૧૮૦ કિ.મી.ના અંતરે આવેલું નાસિક શહેર મહારાષ્ટ્રનાં પાંચ મુખ્ય શહેરો પૈકીનું એક છે. 'સ્માર્ટ સિટી'માં ગણનાપાત્ર થતાં નાસિક મહાનગરપાલિકાની હદમાં ૨૦,૦૦,૦૦૦ની માનવવસ્તી વસવાટ કરે છે. જેમાં એક અંદાજ પ્રમાણે દોઢ લાખથી વધારે ગુજરાતીઓ વસવાટ કરે છે. નાસિકના મુમુક્ષુઓને કેન્દ્રમાં રાખીને દીર્ઘદ્રષ્ટા મહાપુરુષ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી ભવ્ય કલામંડિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચાયું છે.

પવિત્ર ગોદાવરી નદીને ભેટી રહેલા આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને નીરખતાં સૌનું હૈયું અહોભાવથી છલકાઈ ઊઠે છે.

૮૦,૦૦૦ ઘનફૂટ ગુલાબી પથ્થર અને ૧૫,૦૦૦ ઘનફૂટ લાલ પથ્થરમાંથી બનેલા આ મંદિરના પ્રતિબિંબને ઝીલી શકે તેટલી નિકટથી ગોદાવરી નદી વહી રહી છે. તેથી પાંચ શિખર, એક મુખ્ય ઘુમ્મટ સહિત પાંચ ઘુમ્મટી તથા સામરણ, ગવાક્ષ, કમાન, સ્તંભ વગેરેથી અલંકૃત આ સ્થાપત્યની શોભા અનેરી અનુભવાય છે. કલા-કોતરણીના






કંઈક નૂતન આવિષ્કારોથી શોભતા આ મંદિરની નકશીની બારીકાઈ પણ મંત્રમુગ્ધ કરે તેવી છે. ૧૪૦ ફૂટની લંબાઈ, ૯૫ ફૂટની પહોળાઈ સાથે ૭૮ ફૂટ ઊંચાઈ ધરાવતું આ મંદિર એટલે ૪,૦૦,૦૦૦ માનવ કલાકની સેવાનો સરવાળો.

તા. ૧૧-૧૧-૨૦૧૭ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા અહીં નૂતન મંદિરનો શિલાન્યાસ થયો તે વખતથી અહીંના બસ્સો જેટલા સત્સંગી પરિવારોના લોહીનો લય જાણે આ પંક્તિ બની રહી હતી. સંખ્યાની દૃષ્ટિએ સીમિત સમુદાય ધરાવતું આ મંડળ. તેની સાથે ૮૦૦ જેટલા ગુણભાવીઓ અને શુભેચ્છકો પણ અહીંના સત્સંગમંડળની એક આધારશિલા સમા કહી શકાય. નાસિકના સત્સંગનું વર્તુળ પ્રમાણમાં નાનું. તેમાં ૬ સંયુક્તમંડળ, ૨ યુવામંડળ, ૬ બાળમંડળ અને ૧૨ મહિલામંડળો સમાઈ જાય. તેની સાથે ઔરંગાબાદ, જાલના, યેવલા, ભોજદરી, સંગમનેર, કુંભેફળ, ઘોટી વગેરે આસપાસનાં નગરોનો સમાવેશ નાસિકનાં સત્સંગ ક્ષેત્રમાં થયો છે.

આ ભક્તમંડળે શિલાન્યાસની ક્ષણથી મંદિરનાં શિખરો ઊંચાં કરવા કમર કસેલી. તેના ભાગરૂપે પાયામાં મુરમ ભરવાની શ્રમયુક્ત સેવા પણ સ્થાનિક ભક્તોએ કરી. તે ઉપરાંત મંદિરમાં વૉટરપ્રૂફિંગનું સંપૂર્ણ કાર્ય યુવક મંડળ દ્વારા થયું. મંદિરના પથ્થર પાણી ન પીએ અને કાળા ન પડે તે માટે થયેલી કેમિકલ પેસ્ટિંગની કાર્યવાહી પણ આ મંડળે કરી.

તનની સાથે ધનની સેવા-સરિતા વહાવવામાંયે અહીંના મંડળે પાછી પાની ન કરી. મંદિરમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજની મૂર્તિ માટે બાલ-બાલિકા દ્વારા બચતકુંભની યોજના હાથ ધરાઈ. તેમાં કેટલાંય બાલ-બાલિકાઓએ પોતાના મોજશોખ પર કાપ મૂકી ફાળો નોંધાવ્યો. એ જ રીતે યુવક મંડળે નીલકંઠવર્ણીની મૂર્તિ માટે આર્થિક અનુદાન નોંધાવ્યું. મહિલા મંડળે પણ મંદિર માટે દર મહિને અલગ ધર્માદો કાઢવાનું શરૂ કર્યું. નાસિકના હરિભક્તો દ્વારા પસ્તી સંકલનનું કાર્ય પણ આર્થિક સહયોગ માટે કરવામાં આવ્યું હતું.

તન-ધનની આ સેવાની સમાંતર તપશ્ચર્યાનું પણ પ્રકરણ આલેખતાં સ્થાનિક ૧૦૬ ભક્તોએ મંદિર-પ્રતિષ્ઠા સુધી મીઠાઈ ન જમવી, ધારણાં-પારણાંનાં વ્રત કે ઉપવાસ કરવાં, વિશેષ માળા, પ્રદક્ષિણા, દંડવત કરવાં વગેરે નિયમો ધાર્યા. મંદિર દ્વારા પ્રવર્તનારી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાને ઘરોઘર

ફેલાવવા અહીંનાં બાઈ-ભાઈ ભક્તોએ પારિવારિક શાંતિ અભિયાન અંતર્ગત ૮,૦૦૦થી વધુ ઘરોનો સંપર્ક કર્યો, બાલ-બાલિકાઓએ વ્યસનમુક્તિ અભિયાનના માધ્યમથી ૩,૦૦૦ ઘરોમાં સદાચારની સૌરભ પ્રસરાવી હતી. આ સાથે મહિલાઓ દ્વારા ૨,૧૦૦ ઘરોમાં નીલકંઠવર્ણીની પધરામણી કરાવાઈ હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં નાસિકના હરિભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજની સુવર્ણ-રજતતુલાનો લાભ લઈને વિશેષ ભક્તિભાવ અર્પ્યો હતો.

આમ, સૌના અપ્રતિમ ઉત્સાહને કારણે 'દિન દો ગુની, રાત ચૌ ગુની'ની જેમ વધતી રહેલી અહીંની મંદિર-નિર્માણ પ્રવૃત્તિ. તેના ફળસ્વરૂપે તૈયાર થયેલા ગુલાબી પદ્મપુષ્પ સમા, પવિત્ર ગોદાવરી તટે નિર્માણ પામેલ આ મંદિરના સ્તંભે-સ્તંભે આજે પુષ્પસેરો ઝૂલી રહી હતી. તેની સાથે પર્ણ-પુષ્પના ગુચ્છ પણ બંધ પ્રદક્ષિણા ધરાવતા આ મંદિરને શોભાવી રહ્યા હતા. શિલ્પ-સ્થાપત્યની લગભગ વીસેક જેટલી નૂતન બાબતો અહીં પથ્થરમાં કોતરાઈ છે. આ રીતે નકશી પામેલા સ્તંભો અને ઘુમ્મટમાં શિવ-ચરિત્ર, રામ-ચરિત્ર, મહાભારત-ચરિત્ર, કૃષ્ણ-ચરિત્ર ને સ્વામિનારાયણ-ચરિત્રની સાથે હિંદુ સંસ્કૃતિનું દર્શન કરાવતાં ચિત્રોને 3D ઈફેક્ટમાં હૂબહૂ એ રીતે કંડારવામાં આવ્યાં છે કે વસ્ત્રના સળ-વળ પણ આબેહૂબ ઊપસી આવે છે. એ જ રીતે મંદિરના મુખ્ય ઘુમ્મટમાં પણ પ્રથમવાર જ ભગવાન સ્વામિનારાયણનાં ચરિત્રો અને અન્ય નકશીકળાને બારીકાઈથી આકાર આપવામાં આવ્યો છે. બંધ શૈલીનું આ મંદિર હોવાથી વેંટિલેશન વ્યવસ્થા ખૂબ સરસ રીતે કરવામાં આવી છે. અને અંદરથી હવેલી શૈલી જેવા ઝરૂખા ધ્યાનાકર્ષક છે. મંદિરના પરિસરમાં ડાબે-જમણે ઊભેલી લાલ પથ્થર નિર્મિત સાત-સાત ઘુમ્મટીઓ તળે ભારતવર્ષના મુખ્ય આચાર્યો, સંતો, ભક્તો વગેરેની ધાતુશિલ્પ સમાન દેખાતી ફાઈબર નિર્મિત મૂર્તિઓ પણ આ મંદિરની નવીનતા છે. મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે આ ઘુમ્મટીઓની ટોચથી મંદિરના મુખ્ય ઘુમ્મટ સુધી બાંધેલાં તોરણો પવનની લહેરખીઓથી એ રીતે ઝૂમતાં હતાં કે જાણે અક્ષરપુરુષોત્તમની વિજયપતાકાઓ ફરફરી રહી હોય! વાયુના સંગે નાચતાં આ તોરણોનો મર્મર ધ્વનિ અનેરો આહ્‌લાદ જન્માવતો હતો. તેની સાથે નદીના કિનારાનું સ્થાન, વાદળછાયું વાતાવરણ અને બ્રાહ્મમુહૂર્તનો સમય પણ આબોહવામાં આધ્યાત્મિકતા ઘોળતાં હતાં.

આવા પવિત્ર વાતાવરણમાં આ નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શાનદાર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઊજવાઈ ગયો. ◆

## સ્થાપત્ય કલાની દૃષ્ટિએ મંદિર

- **મંદિરનું કુલ ક્ષેત્રફળ:** ૩.૮૦ એકર
- **મંદિરનું માપ:** લંબાઈ - ૧૪૦ ફૂટ, પહોળાઈ - ૯૫ ફૂટ, ઊંચાઈ - ૭૮ ફૂટ, ફાઉન્ડેશન ઉંડાઈ - ૩૨ ફૂટ
- **પથ્થર:** ૮૦,૦૦૦ ઘનફૂટ ગુલાબી પથ્થર, ૧૫,૦૦૦ ઘનફૂટ લાલ પથ્થર
- **મંદિર પોડિયમ:** ૪૦,૦૦૦ ચો.ફૂટ
- **પોડિયમ:** ૩૦,૦૦૦ ચો.ફૂટ
- **પથ્થર નિર્મિત સ્તંભ:** ૩૩૬
- **પથ્થર નિર્મિત બીમ:** ૪૨૫
- **પથ્થર નિર્મિત મૂર્તિ:** ૮૭૩
- **કલામંડિત ઝરૂખા:** ૪
- **સંત ઝરૂખા:** ૧૫
- **ઘુમ્મટમાં ઝરૂખા:** ૨૦
- **મુખ્ય ઘુમ્મટ:** ૧
- **ઘુમ્મટી:** ૫
- **તોરણ:** ૭૧
- **મુખ્ય અને અન્ય સામરણ:** ૩
- **મુખ્ય શિખર:** ૩
- **હનુમાનજી-ગણપતિજી શિખર:** ૨
- **પ્રસાદપુત્ર શિખર:** ૨
- **સ્વામિનારાયણ-ચરિત્ર:** ૩૮ ચિત્ર
- **રામાયણ-ચરિત્ર:** ૧૩ ચિત્ર
- **મહાભારત-ચરિત્ર:** ૯ ચિત્ર
- **સંસ્કૃતિ નાદ:** ૧૨ ચિત્ર
- **સંતનિવાસ:** ૧૫,૦૦૦ ચો. ફૂટ
- **રસોડું:** ૧૨,૦૦૦ ચો. ફૂટ
- **સભાગૃહ:** ૧૫,૦૦૦ ચો. ફૂટ
- **ઉતારા:** ૪૮૦૦૦ ચો. ફૂટ

આ ઉપરાંત અતિથિઓ માટે ભોજનાલય વગેરે અંગો અહીં અનેરી ભાત ઉપસાવી રહ્યા છે.



# નાસિકની પવિત્ર ધરા પર નવનિર્મિત ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો

# મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ...



'નાસિક ઉત્તમ તીરથ છે. શાસ્ત્રોમાં એનો મહિમા છે.

અહીં પૂર્ણ કુંભમેળો થાય છે.

શ્રીજીમહારાજની દૃષ્ટિ પડી એટલે સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તો માટે

એનો મહિમા વિશેષ છે. ત્યાં સારામાં સારું મંદિર થશે ને બધાને લાભ થશે.'

**– પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ**

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તીર્થધામ નાસિકમાં રચાનાર શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની શિલાઓનું પૂજન કર્યું ત્યારે ઉચ્ચારેલા આ શબ્દો આજે સાકાર થયા છે. તેમણે સંકલ્પેલું સુંદર કલાત્મક મંદિર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ગોદાવરીના તટે તાજેતરમાં ઉદ્‌ઘાટિત થઈ ગયું.

આ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે નાસિક પધારીને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પને મૂર્તિમંત કર્યો હતો.

આ મહોત્સવ માટે, તા. ૨૫-૯-૨૦૨૨ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અમદાવાદથી મહારાષ્ટ્રની પુણ્યવંતી નગરી નાસિકમાં પધાર્યા ત્યારે કેવડીવનમાં તેઓને વધાવવા દેશ-વિદેશથી ઊમટેલા ભક્તો અને સ્થાનિક સત્સંગીઓ ઉપરાંત મુંબઈના હજારેક સ્વયંસેવકોથી પરિસર ખીચોખીચ ભરાઈ ગયું હતું. ગુરુહરિએ સૌની દર્શનતૃષા છિપાવી. સૌએ વિવિધ સ્વાગતોપચાર વડે ગુરુહરિનું અભિવાદન કર્યું. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ હારતોરા અર્પણ કરી સ્વામીશ્રીને સન્માન્યા. સ્વામીશ્રીએ સૌ સંતો-ભક્તો પર આશિષ વરસાવ્યા: 'અહીં કોઠારી સ્વામીના ભાવથી ખેંચાયા. અહીં ભક્તોનો ભાવ જોતાં આવેલું સાર્થક લાગ્યું. હવે ચાર-પાંચ દિવસ ઉત્સવની મજા કરીશું.'

મંદિર-સંકુલમાં બંધાયેલા નીલકંઠ સભાગૃહમાં મુંબઈ તેમજ નાસિકના બાળ-કિશોરોએ 'નાસિક તીર્થગાથા'ની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી. સંવાદ, નૃત્ય, વક્તવ્ય, ઇન્ટરવ્યૂ, વીડિયો-દર્શન વગેરેના માધ્યમથી સાંસ્કૃતિક કાર્યક્રમે પૌરાણિક અને સાંપ્રદાયિક સંદર્ભો સાથે નાસિકનો મહિમા રજૂ કર્યો હતો. અતીતની ઝાંખી કરાવનારી આ રજૂઆત જેટલી રોચક હતી તેટલી જ રોમાંચક પણ હતી. સ્વામીશ્રી સહિત સૌ આ સાંસ્કૃતિક કાર્યક્રમને માણીને પ્રભાવિત થયા હતા.

નાસિક મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તેમાં તા. ૨૪-૯-૨૦૨૨ના રોજ મહિલાઓ દ્વારા જલયાત્રા યોજાઈ હતી. અહીંના પ્રસિદ્ધ રામકુંડ કે જેમાં નીલકંઠવર્ણીએ સ્નાન કરેલું તેના પ્રાસાદિક જલ ભરેલાં બેડાં લઈ બહેનોએ કાઢેલી આ જલયાત્રા માલવીય ચોક, પંચવટી કારંજા, નિમાણી બસ સ્ટેન્ડ, જૂના આડગાંવ થઈને મંદિરે પહોંચી હતી.

તા. ૨૫-૯-૨૦૨૨ના રોજ વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં વેદોક્ત વિધિપૂર્વક મંદિરનો પ્રાસાદ-પ્રવેશ અને નીલકંઠ સભાગૃહનાં ઉદ્‌ઘાટન થયાં હતાં. અપરાહ્ને 'મહિલા દિન' અંતર્ગત અભૂતપૂર્વ મહિલા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. (વિશેષ અહેવાલ માટે જુઓ: પ્રેમવતી, નવે.-ડિસે. ૨૦૨૨) રાત્રિસભામાં સાંસ્કૃતિક કાર્યક્રમોની રસપ્રદ પ્રસ્તુતિ માણી સૌ રોમાંચિત થઈ ઊઠ્યા હતા.

સ્વામીશ્રી, વરિષ્ઠ સંતો તથા દેશ-વિદેશના હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ત્રિ-દિવસીય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક ઊજવાયો હતો. તેની એક ઝલક અહીં પ્રસ્તુત છે...

## ■ વિશ્વશાંતિ મહાયજ્ઞ

નાસિકના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવનો મંગલ પ્રારંભ 'વિશ્વશાંતિ મહાયજ્ઞ'થી કરવામાં આવ્યો હતો.

તા. ૨૬-૯-૨૦૨૨ના રોજ નાસિક ખાતેના શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે કુંભ મેળા માટે આરક્ષિત રખાયેલા વિશાળ મોદી મેદાનમાં વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. વહેલી સવારથી આ મહાયજ્ઞનો લાભ લેવા નગરજનો ઉપરાંત મહારાષ્ટ્રનાં વિવિધ સત્સંગકેન્દ્રોમાંથી હરિભક્તો પણ પધારી ચૂક્યા હતા. સૌના હૈયે અપાર આનંદ-ઉત્સાહ હતો. બે દિવસ ચાલનારા આ મહાયજ્ઞના પ્રથમ દિવસે સ્વામીશ્રી યજ્ઞનાં દર્શનાર્થે પધાર્યા. નારિયેળીનાં પર્ણો અને પુષ્પસેરોથી અલંકૃત ૪૧૧ × ૧૬૪ ફૂટના પરિમાણમાં પથરાયેલી યજ્ઞશાળાના મુખ્ય મંચ પરના ૭ મુખ્ય કુંડ સહિત ૧૨૨ કુંડ તૈયાર કરવામાં આવ્યા હતા. વહેલી સવારથી બ્રાહ્મમુહૂર્તમાં નાસિકના ગગનમાં 'વિશ્વશાંતિ સ્વામિનારાયણ મહાયાગ'ની પવિત્ર ધૂમ્રસેરો અને પવિત્ર વૈદિક મંત્રોનો નાદ ગુંજી ઊઠ્યો હતો. સુંદર વસ્ત્રાલંકારોમાં સજ્જ થઈને યજ્ઞના યજમાનપદે બિરાજેલા એક હજાર જેટલા ભક્તો-ભાવિકોનો ઉત્સાહ સ્વામીશ્રીનાં આગમનથી બેવડાઈ ગયો હતો. સૌ ધન્યતાથી છલકાઈ ઊઠ્યા હતા.

યજ્ઞશાળાની શોભાને સાર્થક કરતા મંચ પર ૨૧ મૂર્તિઓ વિરાજિત હતી. હરિયાળીથી આચ્છાદિત પર્વતમાળાની પાર્શ્વભૂ સાથે શોભતી આ મૂર્તિઓ પૈકી આરસમાંથી નિર્મિત અક્ષરપુરુષોત્તમ મહારાજ, ઘનશ્યામ મહારાજ તથા ગુરુપરંપરા સાથે પંચધાતુમાંથી નિર્મિત હરિકૃષ્ણ મહારાજ અને નીલકંઠવર્ણીની અભિષેક-મૂર્તિ સૌનું ધ્યાન ખેંચતી હતી. એ જ રીતે શ્રી સીતા-રામ, શ્રી રાધા-કૃષ્ણ, શ્રી




નાસિકમાં સ્વામીશ્રીનું આગમન...



પ્રાસાદ-પ્રવેશ વિધિમાં રત પૂજ્ય કોઠારી સ્વામી, અન્ય સંતો...



યજ્ઞમાં યજ્ઞનારાયણને આહુતિ અર્પતો વિશાળ ભક્ત સમુદાય...



યજ્ઞશાળામાં યજમાનો પર આશીર્વર્ષા કરતા સ્વામીશ્રી...

શિવ-પાર્વતી, શ્રી લક્ષ્મી-નારાયણ અને શ્રી વિઠ્ઠલ-રુકમાઈનાં યુગલ સ્વરૂપો તથા હનુમાનજી અને ગણપતિજીની નયનરમ્ય મૂર્તિઓ શોભી રહી હતી. આ મૂર્તિઓની સમક્ષ બિરાજી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી અને ઘનશ્યામચરણદાસ સ્વામીએ બ્રાહ્મમુહૂર્તથી યજ્ઞનો પૂર્વવિધિ આરંભી દીધો હતો. સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય કરીને યજ્ઞ સાથે પ્રતિષ્ઠાપર્વનો શુભારંભ કર્યો. ત્યારબાદ અક્ષર-પુરુષોત્તમ મહારાજનું પૂજન કરવામાં આવ્યું. પૂજનના અંતે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને મંચ પર વિરાજિત મૂર્તિઓની આરતી ઉતારી. મંત્રપુષ્પાંજલિ દ્વારા ભક્તિઅર્ઘ્ય અર્પ્યું હતું.

આ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું: 'દેશ-પરદેશથી આવેલા ભક્તોના અંતરમાં ભાવ છે એટલે યજ્ઞ સર્વોપરી થશે.' ટૂંકા આશિષ અર્પી સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા. ત્યારબાદનો શેષવિધિ વૈદિક મંત્રોચ્ચારની વચ્ચે યજમાનોએ સંપન્ન કર્યો હતો.

સાયંકાળે મંદિરના નીલકંઠ સભાગૃહમાં 'સેવાર્થી સન્માન સમારોહ' યોજાયો. સદ્‌ગુરુ સંતોની નિશ્રામાં યોજાયેલા આ સમારંભમાં ૨૭૭ જેટલા સહયોગીઓને શાલ તેમજ સ્મૃતિભેટથી સન્માનવામાં આવ્યા હતા. મંદિરનું નિર્માણ અને ઉત્સવના આયોજનમાં ઉદાર દિલે સાથ-સહકાર આપનારા દાતાઓએ સંતોના આશીર્વાદ પામી ધન્યતા અનુભવી હતી.

તા. ૨૭-૯-૨૦૨૨ના રોજ વિશ્વશાંતિ મહાયાગનો દ્વિતીય દિન હતો. ગઈકાલથી આરંભાયેલા યજ્ઞની ધૂમ્રસેરો વાતાવરણમાં પ્રસરી રહી હતી ત્યાં જ આજના બ્રાહ્મમુહૂર્તમાં વેદમંત્રો ગુંજવા લાગ્યા હતા. એક હજાર જેટલા યજમાનો યજ્ઞશાળામાં યજમાનપદે બિરાજ્યા હતા. પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી સૌને દર્શનલાભ આપતાં યજ્ઞશાળામાં પધાર્યા. અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું. પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ નીચે મૂકવામાં આવનારાં યંત્રો પર પુષ્પ-અક્ષત પધરાવી તેનું પૂજન કર્યું. નાસિક મંદિરમાં વિરાજમાન થનારી અક્ષરપુરુષોત્તમ મહારાજની ચલમૂર્તિનાં સ્વામીશ્રીએ પૂજન-આરતી કર્યાં. ત્યારબાદ આશીર્વાદમાં સ્વામીશ્રીએ જણાવ્યું : ''જેણે જેણે આ ઉત્સવમાં સેવા કરી છે, લાભ લીધો છે તે સૌ તને, મને, ધને સુખી થાય. કારણ કે કૂવામાં હોય તો હવાડામાં આવે, તેમ હરિભક્તો સુખિયા થાય તો તેઓ સેવા કરી શકે. આપણાં બધાં મંદિરો મધ્યમ વર્ગના

હરિભક્તો દ્વારા થયાં છે. તેઓને સાત સાંધે અને સત્તર તૂટે તેવી પરિસ્થિતિ હોય; તેમાં પણ સૌ આનંદથી સેવા-ભક્તિ કરે છે, કારણ કે શ્રીજીમહારાજનો આધાર સૌને છે. માટે બધા સુખી થાય, યજ્ઞ કરાવનારા ભૂદેવો પણ સુખી થાય તે પ્રાર્થના. તેની સાથે સૌમાં ભજન-ભક્તિનો મારો રહે, કારણ કે કરવાનું એ જ છે. તે કરવા માટે આ બધો વિધિ કરવો પડે છે. હરિભક્તો બધા નિષ્ઠાવાળા છે, છતાં આ લોકની મુશ્કેલીમાંથીયે સૌ પાર પડે તે પ્રાર્થના.''

આશીર્વાદના અમીસિંચનથી બ્રહ્મયજ્ઞની જ્યોતને સ્વામીશ્રીએ વિશેષ પ્રજ્વલિત કરી દીધી.

આ રીતે બે દિવસ યોજાયેલા વિશ્વશાંતિ મહાયજ્ઞની ધૂમ્રસેરો નાસિકના ગગનમાં પવિત્રતા પ્રસરાવતી રહી હતી.

## ■ શોભાયાત્રા

તા. ૨૭-૯-૨૦૨૨ના અપરાહ્‌ને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. શોભાયાત્રામાં સંમિલિત થવા માટે ઊમટેલી ભક્તમેદનીથી નાસિક શહેરનું ગૉલ્ફક્લબ મેદાન ઊભરાતું હતું. શોભાયાત્રાને પ્રસ્થાન કરાવવા માટે સંતો તથા શહેર ભાજપના અધ્યક્ષ સહિત ઘણા નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત હતા. ઠાકોરજી સમક્ષ વૈદિક મંત્રોચ્ચારને અનુસરતાં સંતો-મહાનુભાવોએ વિધિ કર્યા બાદ શ્રીફળ વધેરતાં જ શોભાયાત્રાએ પ્રસ્થાન કર્યું હતું.

શોભાયાત્રામાં ૭૦ પ્રકારની વિવિધ આકર્ષક અને આહ્‌લાદક પ્રસ્તુતિઓ હતી. તે પૈકી સિંહરથમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ વિરાજમાન હતા, અશ્વરથમાં શ્રી ઘનશ્યામ મહારાજ આરૂઢ હતા. નાના મયૂરરથમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ અને શ્રી નીલકંઠવર્ણી, ગજરથમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ, ધાતુનિર્મિત સારંગરથમાં શ્રી વિઠ્ઠલ-રુકમાઈ, હસ્તકલાના નમૂનારૂપ રથમાં ગુરુપરંપરા, શ્વેતરંગી હંસરથમાં શ્રી ગણપતિજી, શિખરરથમાં શ્રી સીતા-રામ, મોટા મયૂરરથમાં શ્રી રાધા-કૃષ્ણ તેમજ ત્રિશૂલાકાર પિછવાઈથી શોભતા રથમાં શ્રી શિવ-પાર્વતી વિરાજેલા હતાં. વળી, સ્વામીશ્રીની નિત્ય સેવા સ્વીકારતા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ પણ પાલખીમાં વિરાજીને શોભાયાત્રામાં સામેલ હતા. નયનરમ્ય મૂર્તિઓની સાથે અશ્વારોહી ભક્તોનું વૃંદ, વિવિધ વેશભૂષામાં સજ્જ બાળવૃંદ, મોટર-સાઈકલ પર સવાર યુવાવૃંદ, પરંપરાગત લોકનૃત્યોની રમઝટ બોલાવતું આદિવાસી ભક્તોનું વૃંદ, રાસ-ગરબાના થૈકારે ધરતી ધ્રુજાવતી યુવામંડળી, મોટા ઢોલ પર દાંડી ટીપી વાતાવરણ ગજવતી ખાનદેશી ભક્તોની



રાજમાર્ગો પર શોભાયાત્રામાં શ્રી ઘનશ્યામ મહારાજ...



શોભાયાત્રામાં સુંદર રથમાં બિરાજમાન શ્રી વિઠોબા-રુકમૈ...



મહારાષ્ટ્રની સત્સંગગાથાની સાંસ્કૃતિક પ્રસ્તુતિ યુવાનો દ્વારા...



મૂર્તિપ્રતિષ્ઠા વેળાએ યજમાન ભક્તસમુદાય...

મંડળી, વારકરી સંપ્રદાયનું ભક્તવૃંદ, ધ્વજ-બેનરધારી હરિભક્તો, કીર્તન-ભક્તિ રેલાવતા સંતો તથા અંત ભાગમાં સકળશ મહિલાઓ પણ આ શોભાયાત્રાને શોભાવતાં હતાં. દોઢ કિ.મી. લાંબી શોભાયાત્રા જ્યાં જ્યાંથી પસાર થઈ ત્યાં ત્યાં નગરજનોની આંખોનાં તોરણ બંધાવા લાગ્યાં. કો'કે શોભાયાત્રાને પુષ્પોપચારથી પોંખી, તો કો'કે અક્ષતવર્ષાથી વધાવી. સૌનો આ ભાવ સ્વીકારતાં આગળ વધતાં અર્ચાસ્વરૂપોની સાથે શોભાયાત્રાની શિસ્ત અને સ્વચ્છતાએ પણ શહેરવાસીઓ પર ઘેરો પ્રભાવ પાથર્યો હતો.

નગરયાત્રાનો નજારો માણવા ઈન્દ્રદેવ પણ આવી પહોંચ્યા. શોભાયાત્રા શરૂ થયાના એકાદ કલાક બાદ વરસાદ વરસવા લાગ્યો. પરંતુ તેની ધારા શોભાયાત્રામાં સામેલ હજારો ભક્તોના શ્રદ્ધાસેતુને ન તોડી શકી! તેથી ભક્તિભીના ભક્તોએ પલળતાં-પલળતાં પણ નિશ્ચિત પથ પર પ્રયાણ ચાલુ રાખ્યું. ભક્તોની અડગ ભક્તિ જોઈ થોડી વારે ઈન્દ્રની સવારી થંભી ગઈ. નાસિક નગરના માર્ગો પર નીકળેલી શોભાયાત્રા હુતાત્મા કાન્હેરે મૈદાન, તરુણ તલાવ સિગ્નલ, ત્ર્યંબકનાકા સિગ્નલ, CBS સિગ્નલ, શાલીમાર, સાંગલી બેંક સિગ્નલ, મેહેર સિગ્નલ, અશોક સ્તંભ, રવિવાર કારંજા, પંચવટી કારંજા, નિમાણી, જૂના આડગાઁવ નાકા, નવીન આડગાઁવ નાકા, તપોવન કોર્નર, દિગંબર અખાડા થઈને લગભગ છ કિલોમીટરનું અંતર કાપીને નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે વિરામ પામી હતી. મંદિરે આવી પહોંચેલી શોભાયાત્રાને ભવ્ય આતશબાજીથી વધાવી હતી. નિજનિવાસે બિરાજીને સ્વામીશ્રીએ શોભાયાત્રા નિહાળી પ્રસન્નતા વરસાવી હતી.

આજે પુણ્યવંતી નાસિકની ભૂમિ પર શોભાયાત્રા રૂપે વિહાર કરી રહેલાં તમામ દેવસ્વરૂપોએ શહેરીજનો પર અપાર કૃપાદૃષ્ટિ વરસાવી હતી. દોઢ કિલોમીટર લાંબી અને સતત ત્રણ કલાક કરતાં વધારે સમય ચાલેલી આ શોભાયાત્રા નાસિકના ઈતિહાસમાં અપૂર્વ હતી. શોભાયાત્રા મંદિરે વિરમી ત્યારે સર્વત્ર અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુરુપરંપરા અને પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો જયજયકાર ગુંજી રહ્યો હતો.

## ■ મૂર્તિપ્રતિષ્ઠાનો અવસર

વિક્રમ સંવત ૨૦૭૮, આસો સુદ ત્રીજ, તા. ૨૮-૯-૨૦૨૨નો સૂર્યોદય નાસિકની પુણ્યવંતી ભૂમિને વધુ પાવનકારી બનાવવા માટે ઉદય પામ્યો હતો. એ પાવનકારી અવસર હતો - અહીં નવનિર્મિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિનો.

'મોરે મંદિર આજ બધાઈ...' ના સૂર ગુંજી રહ્યા હતા. સૌનાં અંતરમાં અનેરો આનંદ-ઉત્સાહ-ઉમંગ હતો. વહેલી સવારે મૂર્તિઓનો સ્નપનવિધિ આરંભાયો. માંગલિક માહોલમાં બરાબર ૬:૩૫ વાગ્યે મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી મહાપૂજાના મંગલાચરણની ઘંટડી રણકી ઊઠી. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીના સાંનિધ્યમાં શરૂ થયેલા આ વિધિને ઘુમ્મટ નીચે બેઠેલા આશરે ૫૦૦ યજમાનો અનુસર્યા. સ્વાતિ નક્ષત્રમાં સરવા માંડેલી આ મહાપૂજા વિરમી તે સાથે જ સ્વામીશ્રી મુખ્ય પ્રતિષ્ઠાવિધિમાં પધાર્યા.

મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિ માટે સ્વામીશ્રી ગર્ભગૃહનું પ્રવેશદ્વાર વિધિવત્ ઉદ્‌ઘાટિત કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ બિરાજ્યા. એ જ રીતે ઘનશ્યામ મહારાજના ખંડમાં કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, હરિકૃષ્ણ મહારાજ સમક્ષ ઈશ્વરચરણદાસ સ્વામી, શ્રી રાધા-કૃષ્ણ સમક્ષ વિવેકસાગરદાસ સ્વામી, અભિષેક મંડપમ્‌માં નીલકંઠવર્ણી સમક્ષ ત્યાગવલ્લભદાસ સ્વામી અને ઘનશ્યામચરણદાસ સ્વામી તથા ગુરુપરંપરા અને યુગલસ્વરૂપો સમક્ષ વડીલ સંતો પ્રતિષ્ઠાવિધિમાં જોડાયા. વિદ્વાન વિપ્ર શ્રી મૂકેશભાઈ શાસ્ત્રી તથા સંતવૃંદ દ્વારા થતા વૈદિક મંત્રોચ્ચાર મુજબ સૌપ્રથમ સંકલ્પવિધિ થયો. તેને અનુસરતાં થયેલા ન્યાસવિધિ દરમ્યાન સ્વામીશ્રીએ દર્ભશલાકા વડે મૂર્તિઓનાં મસ્તક, મુખ, હૃદય વગેરે અંગોમાં પ્રાણનો ન્યાસ કર્યો. એ જ રીતે આંગળીઓમાં પણ ન્યાસવિધિ કર્યા બાદ સ્વામીશ્રીએ મૂર્તિઓના વક્ષઃસ્થળને અંગૂઠા વડે સ્પર્શી પ્રાણનો સંચાર કર્યો. તે પછી ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ, નેત્ર-અનાવરણ, આદર્શ-દર્શન વગેરે વિધિઓ ક્રમાનુસાર સંપન્ન થયા. ત્યારબાદ સ્વામીશ્રીએ ચંદન, અક્ષત અને પુષ્પ વડે સ્વર્ણિમ સિંહાસનમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓનું પૂજન કર્યું. આ જ સમયે તેઓએ અક્ષરપુરુષોત્તમ મહારાજની ચલ મૂર્તિમાંયે દૈવત સિંચ્યું.

જયનાદ અને હર્ષનાદ વચ્ચે ધામધૂમપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજને યાવચ્ચંદ્રદિવાકરૌ પ્રતિષ્ઠિત કરી સ્વામીશ્રીએ પ્રત્યેક મૂર્તિઓનું પૂજન કર્યું હતું. ત્યારબાદ અભિષેક મંડપમ્‌માં સ્વામીશ્રીએ નીલકંઠવર્ણીનું પૂજન કરી પ્રથમ અભિષેક કરી સૌની શુભ મંગલકામનાઓ પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરી હતી. અભિષેક મંડપમ્‌માં જ વિરાજમાન અન્ય મૂર્તિઓનું પૂજન કર્યું. પ્રતિષ્ઠા-પૂજનવિધિ પૂર્ણ કરી સ્વામીશ્રી પુનઃ મંદિર પર પધાર્યા ત્યારે પ્રત્યેક ખંડમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓ આસમાની રંગના વાઘા અને સુવર્ણજડિત મુકુટ, કુંડળ, નૂપુર, હાર વગેરેનાં આભૂષણો સાથે દર્શનદાન

આપી રહી હતી. દરેક ખંડમાં મૂર્તિઓની સન્મુખ અન્નકૂટ ગોઠવાયો હતો. ઘંટ-ઝાલર-નગારાના નાદ વચ્ચે સ્વામીશ્રીએ અન્નકૂટ સહ મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારી ત્યારે વાતાવરણમાં અનેરી દિવ્યતા છવાઈ ગઈ હતી.

સ્વામીશ્રી અને વરિષ્ઠ સંતો દ્વારા થઈ રહેલો આ પ્રતિષ્ઠાવિધિ ઘુમ્મટમાં બેઠેલા પ્રત્યેક યજમાનને પ્રત્યક્ષની સાથે પડદા પર પણ માણવા મળ્યો હતો. મંદિરના પોડિયમની સામે આવેલા વિશાળ પરિસરમાં ભક્તમેદની હકડેઠઠ હતી. તે સૌ પણ LED સ્ક્રીન પર પ્રતિષ્ઠાવિધિનું જીવંત પ્રસારણ માણી રહ્યા હતા. વળી, સંસ્થાની વૅબસાઈટ દ્વારા દૂર-સુદૂરના ભક્તોએ પણ આ પ્રતિષ્ઠાવિધિને મનભરીને માણ્યો હતો.

## ■ પ્રાસંગિક સમારોહ

મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે મંદિરના પોડિયમ પર પ્રાસંગિક સમારોહનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કરીને સ્વામીશ્રી સમારોહમાં પધાર્યા. પ્રારંભમાં વિવેકસાગરદાસ સ્વામીએ મંદિર-મહિમા વર્ણવતું પ્રવચન કર્યા બાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ અવસરે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે મુંબઈથી ખાસ પધાર્યા હતા. કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ તેઓનું હારતોરાથી અભિવાદન કર્યા બાદ મુખ્યમંત્રી શ્રી શિંદેએ સ્વામીશ્રીને કલાત્મક હાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા. ફળફળાદિનો કરંડિયો ઉપહારરૂપે સ્વામીશ્રીને અર્પણ કર્યો. ત્યારબાદ સ્વામીશ્રી, સદ્‌ગુરુ સંતો અને મુખ્યમંત્રીએ ગુલાબી અને શ્વેત રંગના ફુગ્ગાઓ ગગનગામી કરતાં આકાશ રંગાઈ ગયું.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી તરીકે સૌનું અભિવાદન કરતાં એકનાથ શિંદેએ જણાવ્યું: 'આ મંદિરનો જ્યારે શિલાન્યાસ થયો ત્યારે હું અહીંયાં આવ્યો હતો. હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે આજે મંદિરના ઉદ્‌ઘાટન સમારોહમાં આવવાનો અવસર મળ્યો. અને આજે મુખ્યમંત્રી તરીકે હું અહીંયાં આવ્યો છું એ સ્વામિનારાયણ ભગવાનના જ આશીર્વાદ છે.

નાસિકમાં સિંહસ્થ કુંભમેળો યોજાય છે તે દુનિયાના આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. સદીઓથી કુંભમેળાના અવસરમાં સંતોનાં ચરણારવિંદ પડે છે. બે શતાબ્દી પૂર્વે નીલકંઠવર્ણી રૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણે અહીંયાં પધારીને અનેકોનું કલ્યાણ કર્યું હતું. આવા તીર્થધામ નાસિક પુણ્યનગરીમાં એક અભિનવતીર્થ નિર્માણ પામ્યું છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થા



શ્રીહરિની મૂર્તિમાં પ્રાણ પૂર્યા બાદ પ્રથમ પૂજન કરતા સ્વામીશ્રી...



વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠાવિધિમાં જોડાયેલા કોઠારી સ્વામી...



શ્રી નીલકંઠ અભિષેક મૂર્તિની પૂજાવિધિમાં ત્યાગવલ્લભદાસ સ્વામી...



પ્રાણપ્રતિષ્ઠા બાદ આરતીનું અર્ઘ્ય અર્પતાં સ્વામીશ્રી...



મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના મંચ પર, મંદિરના પોડિયમ પર બિરાજીને સ્વામીશ્રી, સદ્‌ગુરુ સંતો તથા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે સહિત મહાનુભાવોએ આ મંદિરને હરખભેર વધાવ્યું...

દ્વારા કલામંડિત ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થયું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા નવનિર્મિત આ મંદિર અનેક તીર્થયાત્રિકો માટે અનુપમ આધ્યાત્મિક આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ મંદિર ભવ્ય-ઉત્તમ કલાકૃતિનો નમૂનો છે. તેની પવિત્રતા, માંગલ્ય એ પણ અમારા વિચારો અને સંસ્કૃતિનો હિસ્સો બની રહેશે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દેશ-વિદેશમાં ત્યાગની ભાવનાથી સેવાકાર્યો કરી રહી છે. આદિવાસીબંધુઓના વિકાસથી લઈને શિક્ષા, આરોગ્ય, વ્યસનમુક્તિ વગેરે ૧૫૦ કરતાં પણ વધારે પ્રવૃત્તિઓની ગતિવિધિઓ દ્વારા બી.એ.પી.એસ. સંસ્થા સમાજને જોડવાનું ભગીરથ કાર્ય કરી રહી છે. આ ખૂબ જ મોટી ઉપલબ્ધિ છે.

આપણે વિચારી પણ ના શકીએ એવું ફક્ત ત્રણ જ વર્ષમાં ભવ્ય-દિવ્ય મંદિર અહીંયાં બન્યું છે. આ પણ સ્વામિનારાયણ ભગવાનના જ આશીર્વાદ છે. અને અમે ઇચ્છીએ છીએ કે બી.એ.પી.એસ. સંસ્થા અમારી સરકાર સાથે હાથ મિલાવી, ખભેખભો મિલાવીને લોકોના ભલા માટે યોજનાઓને આગળ વધારે. આપના આશીર્વાદ અમારા સૌ ઉપર સદાય બની રહે. જેના દ્વારા અમે જનતાની સેવા કરી શકીએ. સૌને ખૂબ ખૂબ ધન્યવાદ. જય હિંદ, જય મહારાષ્ટ્ર, જય સ્વામિનારાયણ.'



ધન્યતા અનુભવતું તેઓનું પ્રવચન પૂર્ણ થતાં સ્વામીશ્રીએ મંદિર-નિર્માણમાં સહાયરૂપ થનારા ભક્તો-ભાવિકોની સેવાને આશીર્વાદની અમીધારાથી બિરદાવી વિશેષમાં જણાવ્યું: 'અહીં ઉપસ્થિત બધા ખૂબ આગળ વધે. સુખ-શાંતિથી રહે, સારું કાર્ય કરે. બધા તન-મન-ધનથી આગળ વધે. આગળ વધવા માટે પુરુષાર્થ તો કરવો પડશે. અને સાચી દિશામાં પુરુષાર્થ કરશો એ જ કામમાં આવશે. આપણો દેશ ખૂબ આગળ વધે, ખૂબ સુખ-શાંતિ રહે એ પ્રાર્થના. કારણ કે સુખ-શાંતિ રહેશે તો



પ્રતિષ્ઠા મહોત્સવના પ્રાસંગિક સમારોહમાં મંદિરના પ્રાંગણમાં ઊમટેલી ભક્તમેદનીએ મહંત સ્વામી મહારાજ દ્વારા શતાબ્દી મહોત્સવે પ્રમુખસ્વામી મહારાજને અંજલિ રૂપે અપાયેલી આ ભવ્ય મંદિરની ભેટને હોંશે હોંશે વધાવી...

વિકાસ થશે. બધાને ખૂબ આશીર્વાદ છે.' આ અમૃતધારાના અંતે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ મુખ્યમંત્રીશ્રીને નીલકંઠવર્ણીની ધાતુમૂર્તિ સ્મૃતિભેટ રૂપે આપી. સાથે સ્વામીશ્રીએ પણ પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્ય વિષયક પુસ્તકો ભેટ ધર્યાં. સ્વામીશ્રીએ મુખ્યમંત્રીશ્રીને પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં પધારવાનું આમંત્રણ પણ પાઠવ્યું. તે તેમણે સસ્નેહ સ્વીકાર્યું. આ જ રીતે મંત્રી શ્રી દાદા ભૂસે, સાંસદ શ્રી રાહુલ શેવાળે અને શ્રી હેમંત ગોડસે તથા અન્ય મહાનુભાવોને પણ સ્મૃતિભેટ અર્પણ કરાઈ હતી.

આ રીતે સ્વામીશ્રીએ વધુ એક શિખરબદ્ધ મંદિરની ભેટ સમાજ તથા સત્સંગને ધરી. આ સાથે મહારાષ્ટ્રમાં આ પાંચમું શિખરબદ્ધ મંદિર સર્જાતાં અહીંની ભૂમિ પર અનેરું પંચામૃત રેલાઈ રહ્યું.

આ નૂતન શિખરબદ્ધ મંદિરમાં કોઠારીસંત તરીકે સેવા આપનારા મહાવ્રતદાસ સ્વામી તથા યજ્ઞસ્વરૂપદાસ સ્વામી, બાંધકામની જવાબદારી નિભાવનારા યોગીપ્રિયદાસ સ્વામી, ભંડારી તરીકે સેવા આપતા આનંદવિહારીદાસ સ્વામી, પૂજારી અભયજીવનદાસ સ્વામી, સત્સંગ પ્રવૃત્તિ સંભાળનારા દિવ્યનયનદાસ સ્વામી તેમજ આત્મભૂષણદાસ સ્વામી, આનંદભૂષણદાસ સ્વામી, નિર્માણકાર્ય સંભાળનારા અક્ષયમુનિદાસ સ્વામી વગેરેને ચાંદલા કરી આશીર્વાદ આપ્યા. તેઓ સાથે મંદિર-નિર્માણમાં જહેમત ઉઠાવનારા મુંબઈ બી.એ.પી.એસ. મંદિરના કોઠારી અભયસ્વરૂપદાસ સ્વામીને પણ ચાંદલા-અક્ષત ચોડી, નાડાછડી બાંધી શુભાશિષ પાઠવ્યા. એ જ રીતે બ્રહ્મચરણદાસ સ્વામી પણ આશીર્વાદના અધિકારી બન્યા હતા.

આજે પ્રતિષ્ઠાના દિવસે જ ૬,૦૦૦થી વધુ દર્શનાર્થીઓ નવપ્રતિષ્ઠિત ભગવત્ સ્વરૂપોનાં દર્શન કરીને કૃતાર્થ થયા હતા. અહીં રાત્રે 'લાઈટ એન્ડ સાઉન્ડ શૉ' નિહાળીને અસંખ્ય ભક્તો-ભાવિકો અહોભાવથી છલકાઈ ઊઠ્યા હતા.

પ્રતિષ્ઠાના ચાર દિવસ બાદ સ્વામીશ્રીનાં દર્શન-મુલાકાતે ડિવિઝનલ કમિશનર શ્રી આર. વી. ગમે આવ્યા હતા. પ્રતિષ્ઠાના દસ દિવસ પૂર્વે મંદિરમાં નિરીક્ષણ કરવા તેઓ આવ્યા ત્યારે મંદિરનું ઘણું કામ બાકી હતું. તેમણે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીને આ સંદર્ભમાં વાત કરી ત્યારે કોઠારી સ્વામીએ કહ્યું, 'સ્વામીશ્રીના આશીર્વાદથી થઈ જશે.' તેઓ જ્યારે ઉત્સવમાં આવ્યા ત્યારે મંદિરના પૂર્ણ થયેલાં

કાર્યો જોઈને આશ્ચર્ય પામ્યા. તેમણે લાગણીઓ વહાવતાં સ્વામીશ્રીને કહ્યું, 'આપના આશીર્વાદથી જ આ કાર્ય પૂર્ણ થયું છે. ઉત્સવનો માહોલ બહુ સુંદર હતો. આટલું સરસ મંદિર થયું તેનો પ્રભાવ આખા નાસિક શહેરમાં પડ્યો છે. મારું સૌભાગ્ય છે કે મને થોડો ઘણો સહયોગ આપવાની સેવા મળી.' દર્શનાર્થે આવનાર પ્રત્યેક દર્શનાર્થીનાં અંતરમાં આ મંદિરે અમીટ છાપ અંકિત કરી દીધી હતી.

નવનિર્મિત ભવ્ય-દિવ્ય મંદિરને વધામણી આપતાં વર્તમાનપત્રોએ પણ નોંધ લીધી હતી. વિવિધ અખબારી પાનાઓમાં આ નૂતન બી.એ.પી.એસ. મંદિરનો મહિમા વર્ણવી તેને વિશેષ રીતે નવાજ્યું હતું. સમગ્ર પંથકમાં મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની કીર્તિપતાકાઓ ફરફરી રહી હતી.

## ■ નાસિકમાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શને સ્વામીશ્રી :

તા. ૩૦-૯-૨૦૨૨ના રોજ સ્વામીશ્રીએ તીર્થધામ નાસિકનાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શનાર્થે પધારી ભક્તિ અદા કરી હતી. દર બાર વર્ષે યોજાતા સિંહસ્થ કુંભ મેળામાં જ્યાં સ્નાન કરવાનો અપ્રતિમ મહિમા છે તેવા રામકુંડે પણ પધાર્યા હતા. આ સ્થાન પર સરકાર દ્વારા ઉદ્યાન વિકસાવવા માટે બી.એ.પી.એસ. સંસ્થાને અર્પણ કરાયેલી ચાર એકર ભૂમિ સ્વામીશ્રીએ દૃષ્ટિ-પ્રસાદીની કરી. આ ભૂમિ પર બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમુદ્રમંથન, શિવજી, રામકુટિર, યજ્ઞકુટિર, બાળકોને માટે રમતગમતનાં સાધનો, જોગીંગ ટ્રેક વગેરેના નિર્માણ દ્વારા સુંદર મજાનું ઉદ્યાન ખીલવવામાં આવશે.

રામકુંડે ગોદાવરીનું નીર પ્રબળ વેગથી વહી રહ્યું હતું. ગુણાતીત સંતનો સ્પર્શ પામી પુલકિત થઈ ઊઠેલી લોકમાતા ગોદાવરીનો આનંદ જાણે સ્વર્ગમાં પહોંચી ગયો હોય તેમ આકાશમાં મેઘનગારાં ગડગડી ઊઠ્યાં. તેની ગર્જના વચ્ચે ટીપે ટીપે વરસાદ વરસવા લાગ્યો. કંઠમાં ફૂલમાળ સાથે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, વિવેકસાગર સ્વામી સહિત પચાસેક જેટલા સંતોનો નજારો નયનરમ્ય લાગતો હતો. આસપાસ ઊભેલા યાત્રિકોને અનાયાસે કુંભ સ્નાન જેવો લાભ મળી રહ્યો. તેની વચ્ચે અવભૃથસ્નાનનો સંકલ્પવિધિ શરૂ થયો. સ્વામીશ્રીએ ચમચીમાં ગોદાવરીનું જળ લઈ સંકલ્પો કર્યા. પ્રાસાદિક જળનો ભગવાન સ્વામિનારાયણ અને ગુરુપરંપરા પર પ્રથમ જલાભિષેક કર્યો. પછી પોતાના માથે જળ ચઢાવ્યું. પુષ્પ વડે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી સહિત સૌ સંતો પર જલાંજલિ છાંટી. ફૂલદોલમાં પિચકારી વડે સ્વામીશ્રી સૌને રંગે છે તેમ ફુવારામાંથી જલધારા છૂટવા લાગી. તે દ્વારા સ્વામીશ્રીએ સૌ સંતો-ભક્તોને તરબતર કર્યા. ભીંજાવા માંડેલા સૌ અમૃતની હેલી અનુભવી રહ્યા હતા. આ રીતે સૌને સુખ-સ્મૃતિમાં તરબોળ કરી સ્વામીશ્રી મંદિરે આવવા વિદાય થયા ત્યારે એક અનુપમ જલોત્સવના તરંગો ગોદાવરીમાં ઊઠી રહ્યા હતા.

જેમ ભગવાન સ્વામિનારાયણ યજ્ઞ સંપન્ન કરી અવભૃથસ્નાન કરવા પધારતા તેમ સ્વામીશ્રીએ પણ પ્રતિષ્ઠાયજ્ઞનું સમાપન આ સ્નાનોત્સવથી કર્યું. ◆

## મંદિરના નિર્માણમાં યોગદાન આપનારા સંતો-ભક્તો

| | | | |
|---|---|---|---|
| પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, | આનંદનિધિદાસ સ્વામી | **સમર્પિત હરિભક્તો:** | શ્રી વિનુભાઈ પટેલ(બોચાસણ) |
| પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી | મુંબઈના સંતો, પ્લાનિંગ સેલના સંતો અને કાર્યકરો (અમદાવાદ) | અ.નિ. હિરેનભાઈ નટુભાઈ પટેલ | શ્રી રાજુભાઈ ગજ્જર |
| અક્ષયમુનિદાસ સ્વામી | શ્રી દેવદત્તભાઈ સોમપુરા (મુખ્ય સ્થપતિ) | અ.નિ. રાજુભાઈ ઠક્કર | શ્રી કાંતિભાઈ પરમાર |
| જ્ઞાનેશ્વરદાસ સ્વામી | શ્રી સંજયભાઈ પરીખ | અ.નિ. જયંતીભાઈ ચોથાણી | શ્રી લક્ષ્મણભાઈ ચોથાણી |
| નિખિલેશદાસ સ્વામી | શ્રી જયેન્દ્રભાઈ પટેલ (આર્કિટેક્ટ) | અ.નિ. ગોપાલભાઈ માણેક | શ્રી કનુભાઈ ટાંક |
| નારાયણમુનિદાસ સ્વામી | શ્રી રજનીભાઈ અજમેરા | અ.નિ. મણિભાઈ પટેલ | શ્રી ડૉ. નીરજભાઈ રાઠોડ |
| સંયોજન સમિતિના અન્ય સંતો | શ્રી જીતુભાઈ બારોટ | અ.નિ. ભીમજીભાઈ રામપરિયા | શ્રી પનારાકાકા |
| અભયસ્વરૂપદાસ સ્વામી | શ્રી દીપકભાઈ પટેલ | અ.નિ. દવેકાકા | શ્રી સંજયભાઈ નાઈ |
| શ્રીજીસ્વરૂપદાસ સ્વામી | શ્રી અરુણભાઈ મહેતા(એડવોકેટ) | અ.નિ. મહેતાભાઈ | શ્રી અશ્વિનભાઈ ગોહિલ |
| મહાવ્રતદાસ સ્વામી | શ્રી દિલીપભાઈ પટેલ | શ્રી નટુભાઈ પટેલ | અ.નિ. પ્રફુલ્લભાઈ પટેલ(મલાતજ) |
| દિવ્યનયનદાસ સ્વામી | શ્રી સુનીલભાઈ પારેખ | શ્રી સુનિલભાઈ પટેલ | શ્રી જયેશભાઈ પટેલ |
| બ્રહ્મચરણદાસ સ્વામી | શ્રી જયેશભાઈ હિંગુ | શ્રી જગદિશભાઈ પટેલ | અ.નિ. રમેશભાઈ દવે. |
| ભક્તિનંદનદાસ સ્વામી | શ્રી મહેશભાઈ ગજ્જર | શ્રી દિલીપભાઈ પટેલ(ઢુંડાકુવા) | |
| યોગીપ્રિયદાસ સ્વામી | શ્રી મિલાપભાઈ પટેલ | શ્રી તુષારભાઈ પટેલ | |
| આનંદભૂષણદાસ સ્વામી | | શ્રી જગદિશભાઈ જાની | |
| | | શ્રી લલિતભાઈ સચદે | |

# પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## મહોત્સવમાં પધારનાર હરિભક્તો માટે અગત્યની સૂચનાઓ

*બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવની શાનદાર ઉજવણી માટે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ૬૦૦ એકરની વિશાળ ભૂમિ પર 'પ્રમુખસ્વામી મહારાજ નગર' રચવામાં આવ્યું છે. આ વિશાળ મહોત્સવ સ્થળે આપ કેવી રીતે લાભ લઈ શકશો તે અંગેની કેટલીક મહત્ત્વની સૂચનાઓ નીચે મુજબ છે. આ સૂચનાઓને અનુસરીને આપ મહોત્સવને વધુ યાદગાર બનાવી શકશો.*

### ● પ્રમુખસ્વામી મહારાજ નગર વિશે માહિતી

સ્વામિનારાયણ પ્રકાશના આ અંકમાં આગળનાં પૃષ્ઠોમાં પ્રમુખસ્વામી મહારાજ નગરની સંક્ષિપ્ત માહિતી આપી છે. આપ જ્યારે મહોત્સવ સ્થળે આવો ત્યારે એ માહિતી અને અન્ય વિસ્તૃત માહિતીઓ સાથે રાખવા માટે મોબાઇલ ફોનની ખાસ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. જેનું નામ છે – PSM100 Nagar app.

પ્રમુખસ્વામી મહારાજ નગરની માહિતી માટેની મોબાઇલ એપ્લિકેશન આપના ફોનમાં ડાઉનલોડ કરી શકશો. psm100.org/app લીંક પરથી આ એપ્લિકેશન ડાઉનલોડ થઈ શકશે. મહોત્સવમાં આવવાના ચાર-પાંચ દિવસ પહેલાં પોતાના ફોનમાં ઈન્સ્ટોલ કરી લેશો. મહોત્સવ સ્થળ પર મોટી જનમેદની હોવાથી મોબાઇલ ઈન્ટરનેટ ધીમું ચાલશે. આથી ત્યાં આ એપ્લિકેશન ડાઉનલોડ કરવામાં વધુ સમય જશે. જો આપ મહોત્સવમાં આવતાં પહેલાં જ આ એપ્લિકેશન ડાઉનલોડ કરી લેશો તો મહોત્સવમાં પ્રવેશ્યા બાદ ઈન્ટરનેટ વિના પણ આ એપ્લિકેશન આપના ફોનમાં ચાલશે. નગરનાં વિવિધ પાર્કિંગ, પ્રવેશ દ્વારો, પ્રદર્શન ખંડો, બાળનગરી, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સભાના સમય, પ્રેમવતી ફૂડકોર્નર, બી.એ.પી.એસ. સાહિત્ય સ્ટોર, પાણીની પરબ, શૌચાલય વગેરેનાં સ્થાન - આ તમામ માહિતી આપને આ એપ્લિકેશનમાં પ્રાપ્ત થશે.

**અહીં બાજુમાં દર્શાવેલ QR કોડને મોબાઈલ ફોનના કેમેરાથી સ્કેન કરીને તેના પરથી આપ આ એપ ડાઉનલોડ કરી શકશો.**

### ● દર્શનયાત્રા અંગે

હરિભક્તો તથા તેમના ગુણભાવી સંબંધીજનો માટે કાર્યકરો દ્વારા પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ દર્શનયાત્રાની નોંધણી કરવામાં આવી છે. તેઓને દર્શનયાત્રા અંગેની વિશેષ સૂચનાઓ સ્થાનિક સત્સંગ મંડળના કાર્યકરો દ્વારા પ્રાપ્ત થશે. આ માહિતી અનુસાર આપ પ્રમુખસ્વામી મહારાજ નગરની દર્શનયાત્રા કરી શકશો.

### ● દર્શનયાત્રા શરૂ કરતાં પૂર્વે...

■ દર્શનયાત્રા માટે જે તારીખ આપને ફાળવવામાં આવી છે તે જ તારીખે આપ આવશો તો જ ઉતારા તથા ભોજન વ્યવસ્થા આપવાનું શક્ય બનશે.

■ મહોત્સવ સ્થળે ચાલવાનું વધુ હોવાથી ૫ વર્ષથી નાની ઉંમરના બાળકો, અશક્ત, બીમાર તથા વૃદ્ધોએ દર્શનાર્થી તરીકે આવવું નહીં. નગરના કાર્યક્રમો જીવંત પ્રસારણ દ્વારા ઘેર બેઠાં ટી.વી. પર માણી શકાય એવી વ્યવસ્થા કરવામાં આવશે.

■ વૃદ્ધોને આવવાનો અત્યંત આગ્રહ હોય તો સાથે વ્હીલચેર લાવવી. નગરમાં વ્હીલચેરની વ્યવસ્થા નથી.

■ દરેક વ્યક્તિએ પોતાનો સામાન વ્યક્તિગત બેગમાં લાવવો. કારણ કે એક વાહનમાં આવનાર વ્યક્તિઓના ઉતારાનું પરિસર એક હશે પણ ફ્લેટ અલગ-અલગ હોઈ શકે.

■ પ્રમુખસ્વામી મહારાજ નગર ખૂબ જ વિશાળ વિસ્તારમાં છે તથા નગરમાં મુલાકાતીઓનો પ્રવાહ વધુ હશે. એટલે પાર્કિંગમાં તથા નગરમાં પરિવારનાં સભ્યો એકબીજાથી વિખૂટાં પડી જવાનો સંભવ રહેશે. તેને ધ્યાનમાં રાખી આવનાર પ્રત્યેક વ્યક્તિએ પોતાનો અલગ મોબાઇલ લઈને આવવું તો સાનુકૂળતા રહેશે.

### ● દર્શનયાત્રાના પાસ અંગે...

■ નોંધાયેલા દર્શનયાત્રીઓને સવારે નગર પ્રવેશ, ઉતારા તથા ભોજનવ્યવસ્થા માટે દર્શનયાત્રા પાસ પ્રાપ્ત થશે. ઉતારો લેનારને આ પાસ ઉતારા વિભાગ દ્વારા પ્રાપ્ત થશે. ઉતારો ન લેનારને આ પાસ તેમના ઘરે કાર્યકરો દ્વારા પ્રાપ્ત થશે.

■ પ્રદર્શન જોવા માટે કોઈ પાસ કે શુલ્ક નથી.

● **દર્શનયાત્રાનું સમયપત્રક**

■ જાહેર જનતાને બપોરે ૨.૦૦ વાગ્યા પછીથી નગરમાં પ્રવેશ આપવામાં આવશે. રાત્રે ૯.૦૦ વાગ્યે નગર પ્રવેશ બંધ થશે. તથા ૧૦.૦૦ વાગ્યે નગર બંધ થશે. રવિવારે સવારથી જ જાહેર જનતા માટે નગર ખુલ્લું રહેશે. એટલે નોંધાયેલ દર્શનાર્થીઓએ નીચે મુજબનું સમયપત્રક અનુસરવું. તો તેઓ સારી રીતે નગર માણી શકશે.

**દિવસ-૧**

બપોરે ૨.૩૦ વાગ્યા સુધી અમદાવાદમાં ઉતારા સ્થળે આગમન

- ૨.૩૦ થી ૩.૩૦ - ઉતારો લેવાની કાર્યવાહી
- ૩.૩૦ થી ૪.૧૫ - ઉતારેથી નગરમાં
- ૫.૦૦ થી ૭.૩૦ - મહોત્સવ સભામાં અન્ય કાર્યક્રમ સાથે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શન, આશીર્વાદનો લાભ
- ૭.૩૦ થી ૭.૪૫ - ભોજનશાળા તરફ
- ૭.૪૫ થી ૮.૩૦ - ભોજન
- ૯.૦૦ થી ૧૦.૩૦ - રાત્રિ નગરદર્શન - જ્યોતિ ઉદ્યાન અથવા લાઈટ એન્ડ સાઉન્ડ શો

---

**દિવસ-૨**

- સવારે ૬.૩૦ સુધી - પરવારી સામાન લઈને ઉતારેથી વિદાય
- ૭.૦૦ થી ૮.૦૦ - નગરમાં નાસ્તો
- ૮.૦૦ થી ૫.૩૦ - નગરદર્શન - પ્રદર્શન જોવાં, ભોજન વગેરે...
- ૫.૩૦ થી ૧૦.૦૦ - રાત્રિ નગરદર્શન, જ્યોતિ ઉદ્યાન, લાઈટ એન્ડ સાઉન્ડ શો, ભોજન
- ૭.૩૦ પહેલા - રાત્રિ ભોજન
- ૧૦.૦૦ પછી - વિદાય

■ નગરમાં સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શનનું કોઈ આયોજન નથી.

■ દરરોજની મુખ્ય સભાનો સમય સાંજના ૫:૦૦ વાગ્યાથી ૭:૩૦ વાગ્યાનો છે.

■ આગમન દિન સિવાયના દિવસે રાત્રિ ભોજન ૭:૩૦ વાગ્યા પહેલા કરી લેવું. ૭:૩૦ વાગ્યા પછી તે દિવસે નવા આવનાર દર્શનાર્થીઓ ભોજન લેશે.

● **અમદાવાદ આગમન અંગે...**

■ **અમદાવાદ આવવા નીકળતી વખતે બપોરનું ભોજન સાથે લઈને નીકળવું. આપણા કોઈપણ મંદિરમાં ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ નથી. કારણ કે ત્યાં વ્યવસ્થા કરનારા સ્વયંસેવકો નગરમાં સેવામાં હશે.**

■ દર્શનાર્થીઓનાં વાહનોની ઓળખ માટે વાહન ઉપર શતાબ્દી મહોત્સવનું પોસ્ટર કાર્યકરો પાસેથી લઈને લગાડવું. જો પોસ્ટર લગાડેલું હશે તો અમદાવાદના સરદાર પટેલ રિંગ રોડ પર દર્શનાર્થીઓનાં વાહનોનો ટોલટેક્સ લેવામાં નહીં આવે.

■ તા. ૧૪-૧૨-૨૦૨૨ના રોજ પ્રમુખસ્વામી મહારાજ નગરનું ભવ્યતાપૂર્વક ઉદ્‌ઘાટન કરવામાં આવનાર છે. તા. ૧૪-૧૨-૨૦૨૨ના રોજ આવનાર દર્શનાર્થીઓએ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીમાં ઉતારે પહોંચવું. ઉતારો લીધા બાદ નગરમાં આવીને ૨.૦૦ વાગ્યા પહેલા ભોજન કરી લેવું. તથા બપોરે ૪.૦૦ વાગ્યા પહેલા સભામાં પ્રવેશ મેળવી લેવો. ૪.૦૦ વાગ્યા પછી સભામાં પ્રવેશ મળશે નહીં.

● **ઉતારા અંગે...**

■ જેમણે અગાઉથી નોંધ કરાવી છે એ હરિભક્તો માટે જ ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી છે.

■ જે તે સત્સંગ મંડળને ફાળવેલી તારીખે આવનાર ગુજરાતના હરિભક્તોને એક રાત્રિનો ઉતારો આપવામાં આવશે. તથા પરપ્રાંતના હરિભક્તોને બે રાત્રિનો ઉતારો આપવામાં આવશે.

■ ગુજરાતના દર્શનયાત્રીઓ માટે દરરોજ ઉતારા ચેક-ઇનનો સમય બપોરે ૨.૦૦ વાગ્યા પછીનો રહેશે અને ચેક-આઉટનો સમય બીજે દિવસે સવારે ૬.૩૦ વાગ્યાનો રહેશે. એટલે બીજે દિવસે નગરદર્શન માટે આવતાં પૂર્વે સવારે ૬.૩૦ વાગે જ ઉતારા ખાલી કરી સામાન વાહનમાં લઈને જ ઉતારેથી નગરમાં જવાનું થશે. તેથી ભીનાં કપડાં વગેરે સૂકવવાનો સમય મળશે નહીં એટલે ભીનાં કપડાં મૂકવા માટે કોથળી વગેરે લઈને આવવું.

● **પાર્કિંગ અંગે...**

■ ભાડજ(સાયન્સ સિટી) તરફથી આવનાર દર્શનાર્થીઓએ બસ માટે એન્ટ્રી-Aથી તથા કાર માટે એન્ટ્રી-Bથી પાર્કિંગમાં પ્રવેશવું. તેઓનાં વાહન માટે પાર્કિંગ નંબર પાંચ અને છ આરક્ષિત રખાયેલા હશે. ત્યાં વાહન પાર્ક કરી ગેટ નંબર-૪થી નગરમાં પ્રવેશવું.

■ ઓગણજ(ઉત્તર ગુજરાત) તરફથી આવનાર દર્શનાર્થીઓએ બસ તથા કાર માટે એન્ટ્રી-Sથી પાર્કિંગમાં પ્રવેશવું. તેઓના વાહન માટે પાર્કિંગ નંબર-૧૫ થી ૧૮ આરક્ષિત રખાયેલા હશે. ત્યાં વાહન પાર્ક કરી ગેટ નંબર-૫થી નગરમાં પ્રવેશવું.

■ દર્શનાર્થીઓના વાહનની ઓળખ માટે અત્રેથી મોકલેલ પોસ્ટર કાર્યકરો પાસેથી મેળવી ને પ્રિન્ટ કરાવીને બસ, કાર કે અન્ય વાહન પર લગાવવાનું રહેશે.

■ દરેક દર્શનાર્થીએ પોતાનું વાહન જે પાર્કિંગમાં પાર્ક કરેલ હોય તેનો નંબર અવશ્ય નોંધી લેવો, તો તે પાર્કિંગમાં સરળતાથી પહોંચી શકાશે.

■ નગરમાં તથા ઉતારાના સ્થાને દર્શનાર્થીઓના વાહન માટે જે પાર્કિંગ નિશ્ચિત કરવામાં આવ્યું હોય ત્યાં જ પાર્કિંગ કરવું.

### ● નગરદર્શન અંગે...

■ નગરદર્શન કરતાં કરતાં છૂટા પડી જવાય તો જે ગેટમાં પ્રવેશ કર્યો હોય તે ગેટ પાસે મળવું તેવું નક્કી રાખવું. એટલે કયા ગેટમાંથી પ્રવેશ કર્યો છે તે ક્રમાંક અવશ્ય યાદ રાખવું જરૂરી છે.

■ બાળકો છૂટાં ન પડી જાય તેની વિશેષ તકેદારી રાખવી.

■ બાળકોના ખિસ્સામાં વાલીનું નામ તથા ફોન નંબરનું એક કાર્ડ અવશ્ય મૂકી રાખવું, જેથી તે છૂટાં પડી જાય તો વાલીને ફોન દ્વારા જાણ કરી શકાય.

■ નગરમાં પૂછપરછ ઑફિસો હશે. વસ્તુ કે બાળક મળે કે ખોવાય તો પૂછપરછ ઑફિસમાં તપાસ કરવી. નગરની અંદર ૬ સ્થળે પૂછપરછ કાર્યાલયો છે. નાના-મોટા કોઈપણ વ્યક્તિ અથવા વસ્તુ ખોવાય કે મળે તો નજીકના પૂછપરછ

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના નિત્ય સંધ્યા-કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | કાર્યક્રમ |
|---|---|
| ૧૪ ડિસેમ્બર ૨૦૨૨ | પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનું શાનદાર ઉદ્‌ઘાટન |
| ૧૫ ડિસેમ્બર ૨૦૨૨ | આંતરરાષ્ટ્રીય માનવ-ઉત્કર્ષ અધિવેશન - ઉદ્‌ઘાટન |
| ૧૬ ડિસેમ્બર ૨૦૨૨ | સંસ્કૃતિ દિન |
| ૧૭ ડિસેમ્બર ૨૦૨૨ | પરાભક્તિ દિન |
| ૧૮ ડિસેમ્બર ૨૦૨૨ | મંદિર ગૌરવ દિન |
| ૧૯ ડિસેમ્બર ૨૦૨૨ | ગુરુભક્તિ દિન |
| ૨૦ ડિસેમ્બર ૨૦૨૨ | સંવાદિતા દિન |
| ૨૧ ડિસેમ્બર ૨૦૨૨ | સમરસતા દિન |
| ૨૨ ડિસેમ્બર ૨૦૨૨ | આદિવાસી ગૌરવ દિન |
| ૨૩ ડિસેમ્બર ૨૦૨૨ | અધ્યાત્મ અને આરોગ્ય દિન |
| ૨૪ ડિસેમ્બર ૨૦૨૨ | વ્યસનમુક્તિ - જીવનપરિવર્તન દિન |
| ૨૫ ડિસેમ્બર ૨૦૨૨ | રાષ્ટ્રીય સંત સંમેલન |
| ૨૬ ડિસેમ્બર ૨૦૨૨ | સ્વામિનારાયણીય સંત સાહિત્ય અને લોક સાહિત્ય દિન |
| ૨૭ ડિસેમ્બર ૨૦૨૨ | વિચરણ-સ્મૃતિ દિન |
| ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ | સેવા દિન |
| ૨૯ ડિસેમ્બર ૨૦૨૨ | પારિવારિક એકતા દિન |
| ૩૦ ડિસેમ્બર ૨૦૨૨ | સંસ્કાર અને શિક્ષણ દિન |
| ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ | દર્શન-શાસ્ત્ર દિન |
| ૧ જાન્યુઆરી ૨૦૨૩ | બાળ-યુવા કીર્તન આરાધના |
| ૨ જાન્યુઆરી ૨૦૨૩ | બાળ સંસ્કાર દિન |
| ૩ જાન્યુઆરી ૨૦૨૩ | યુવા સંસ્કાર દિન |
| ૪ જાન્યુઆરી ૨૦૨૩ | ગુજરાત ગૌરવ દિન |
| ૫ જાન્યુઆરી ૨૦૨૩ | મહિલા દિન - ૧ |
| ૬ જાન્યુઆરી ૨૦૨૩ | બી.એ.પી.એસ. અખાતી દેશ દિન |
| ૭ જાન્યુઆરી ૨૦૨૩ | બી.એ.પી.એસ. નોર્થ અમેરિકા દિન |
| ૮ જાન્યુઆરી ૨૦૨૩ | બી.એ.પી.એસ. યુ.કે.-યુરોપ દિન |
| ૯ જાન્યુઆરી ૨૦૨૩ | બી.એ.પી.એસ. આફ્રિકા દિન |
| ૧૦ જાન્યુઆરી ૨૦૨૩ | મહિલા દિન - ૨ |
| ૧૧ જાન્યુઆરી ૨૦૨૩ | બી.એ.પી.એસ. એશિયા-પેસિફિક દિન |
| ૧૨ જાન્યુઆરી ૨૦૨૩ | અક્ષરધામ દિન |
| ૧૩ જાન્યુઆરી ૨૦૨૩ | સંત કીર્તન આરાધના |
| ૧૪ જાન્યુઆરી ૨૦૨૩ | - |
| ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ | પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ |

કાર્યાલયમાં સંપર્ક કરવો.

■ નગરમાં મૅડિકલ ઈમરજન્સી માટે દવાખાનાની પણ વ્યવસ્થા છે. કોઈપણ મૅડિકલ ઈમરજન્સી આવે તો **મૅડિકલ હેલ્પલાઈન નંબર – ૭૦૬ ૯૦૬ ૧૯૦૦/૧૯૦૧/ ૧૯૦૨ પર સંપર્ક કરવો.**

**● ભોજન અંગે...**

■ નોંધાયેલ દર્શનયાત્રીઓ માટે નગરની પાછળના ભાગમાં આવેલી ઘનશ્યામ ભોજનશાળામાં જમવાની વ્યવસ્થા છે.

■ નગરમાં 'પ્રેમવતી પ્રસાદમ્' અને 'પ્રેમવતી ફૂડ-કોર્ટ'ની વ્યવસ્થા છે. 'પ્રેમવતી પ્રસાદમ્'માં ઘટાડેલા દરે વાનગીઓ પ્રાપ્ત થશે.

**● ઉતારા અંગે ધ્યાનમાં રાખવાની બાબતો**

■ કોઈપણ પ્રકારની કીમતી વસ્તુ, મોટી રકમ તથા ઘરેણાં વગેરે સાથે લાવવાં નહીં. દર્શનાર્થીઓના કોઈપણ સામાનની જવાબદારી ઉતારા વિભાગની રહેશે નહીં. મોબાઈલ સાચવવાની જવાબદારી પણ દર્શનાર્થીની જ રહેશે.

■ દર્શનાર્થીઓના ઉતારા માટે વિવિધ બિલ્ડરોએ પોતાના મોંઘા ફ્લેટ સેવામાં આપ્યા છે. તેથી આ ફ્લેટને કોઈપણ પ્રકારે નુકસાન ન પહોંચે તેવું જવાબદારીપૂર્વકનું વર્તન ઉતારામાં રાખવું.

◆

## મહોત્સવ સ્થળ - પ્રમુખસ્વામી મહારાજ નગરની કેટલીક નોંધપાત્ર સુવિધાઓ...

**● પૂછપરછ કેન્દ્ર**

મહોત્સવ સંબંધી માહિતી મેળવવા મુલાકાતી અહીં સંપર્ક કરી શકશે. ખોવાયેલી કે મળી આવેલી વસ્તુ કે વ્યક્તિ માટે મુલાકાતી અહીં સંપર્ક કરી શકશે.

**● પ્રેમવતી ઉપાહાર ગૃહ**

અહીં બે પ્રકારનાં પ્રેમવતી ઉપાહાર ગૃહ છે. તે પૈકી પ્રત્યેક પ્રવેશદ્વારની સમીપે આવેલા 'પ્રેમવતી પ્રસાદમ્'માંથી મુલાકાતી રાહત દરે સ્વામિનારાયણીય ઉપાહારનો આસ્વાદ માણી શકશે. તે ઉપરાંત 'નગર'માં ઊભેલાં 'પ્રેમવતી કેફે'માંથી પણ વાજબી કિંમતે સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓનો આનંદ માણી શકાશે.

**● બી.એ.પી.એસ. સ્ટોર**

અત્રે ઉપલબ્ધ શિષ્ટ અને સંસ્કારપ્રેરક સાહિત્ય તથા વિવિધ પૂજાસામગ્રી, ગિફ્ટ આર્ટિકલ્સ તથા અન્ય અનેકવિધ સ્મૃતિઓ પોતાની સાથે લઈ જઈને મુલાકાતી આ મહોત્સવને યાદગાર બનાવી શકશે.

**● તબીબી સારવાર કેન્દ્ર**

પ્રમુખસ્વામી મહારાજ નગરમાં નારી ઉત્કર્ષ મંડપમ્ તથા 'अपना भारत, मेरा भारत' પ્રદર્શન ખંડની સમીપમાં પ્રાથમિક સારવાર કેન્દ્રની વ્યવસ્થા છે. તાત્કાલિક સહાય માટે ફોન નં. : ૭૦૬ ૯૦૬ ૧૯૦૦/૦૧/૦૨ દ્વારા અધિકૃત તબીબોનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકાશે.

**● શૌચાલય અને પરબ**

પ્રમુખસ્વામી મહારાજ નગરનાં છ પ્રવેશદ્વારો તથા નગરના મુખ્ય ત્રણ માર્ગોની બંને બાજુ સ્વચ્છ અને સુઘડ શૌચાલયો રચવામાં આવ્યાં છે. આ ઉપરાંત સ્વાસ્થ્યપ્રદ આર.ઓ.(RO) પાણીની પરબ ઉપલબ્ધ છે.

**● સુરક્ષા**

સમગ્ર ઉત્સવસ્થળને ૯૦૦થી વધુ CCTV કેમેરાની ચાંપતી નજર દ્વારા સુરક્ષિત કરવામાં આવ્યું છે.

**● પાર્કિંગ**

નગરના પ્રત્યેક પ્રવેશદ્વારથી ૫૦૦ મીટરના અંતરે જ રહેલી વિશાળ પાર્કિંગની વ્યવસ્થા મુલાકાતી માટે વિશેષ સુવિધાજનક છે.

**● સહયોગ કેન્દ્ર**

અહીં મુલાકાતી યથાશક્તિ દાન-સેવા નોંધાવી સમાજસેવાના ક્ષેત્રે પોતાનું યોગદાન આપી શકશે.

**● કાર્યાલય સંકુલ**

મહોત્સવના વિવિધ સેવા-વિભાગોના કાર્યાલયનું આ સંકુલ સમગ્ર નગરને ધબકતું રાખે છે.

**● વેબસાઇટ અને સોશિયલ મીડિયા દ્વારા માહિતી**

મહોત્સવના વિવિધ કાર્યક્રમો તેમજ અન્ય અનેકવિધ રસપ્રદ માહિતીઓ શતાબ્દી મહોત્સવની વેબસાઈટ તથા સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફૉર્મ પરથી સતત પ્રકાશિત થતી રહેશે. તો સર્વે હરિભક્તો તેનો લાભ લઈ શકશે અને બીજાને પણ તેની પ્રેરણા આપી શકશે.

**નોંધ:** ઉલ્લેખનીય છે કે પ્રમુખસ્વામી મહારાજ નગરમાં કોઈપણ વ્યક્તિ પાર્કિંગ, પ્રવેશ, પ્રદર્શન ખંડો, લાઈટ એન્ડ સાઉન્ડ શૉ વગેરેનો નિ:શુલ્ક લાભ લઈ શકશે. નગરમાં રોજ થનારા સંધ્યા કાર્યક્રમો માટે પણ કોઈ ટિકિટ કે શુલ્ક રાખવામાં આવ્યું નથી.

◆

# G20 રિલિજિયસ ફોરમ (R20)માં
# બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સનાતન હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ




G20ના આંતરરાષ્ટ્રીય ધર્મસંમેલન એટલે કે R20ના મંચ પર વિશ્વના ધાર્મિક નેતાઓ સાથે બી.એ.પી.એસ. સંસ્થાનું પ્રતિનિધિત્વ

તા. ૨ નવેમ્બર, ૨૦૨૨ અને ૩ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ઈન્ડોનેશિયાના બાલી ખાતે વિશ્વનું પ્રથમ G20 ધાર્મિક સંમેલન એટલે કે R20 યોજાઈ ગયું. G20 એટલે યુ.એસ.એ., યુ.કે., ચીન, જર્મની, ભારત, આર્જેન્ટિના, ઑસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ફ્રાન્સ, સાઉથ આફ્રિકા, ઈન્ડોનેશિયા, ઈટલી, જાપાન, મેક્સિકો, સાઉથ કોરિયા, રશિયા, સાઉદી અરેબિયા, ટર્કી અને યુરોપિયન યુનિયન દેશોનું એક એવું સંગઠન જેમાં વિશ્વના અનેક ગહન પ્રશ્નો અને ઉકેલ અંગે વિશ્વના ધુરંધરો ચર્ચા-વિચારણા કરે છે. આ G20ના દેશો દ્વારા ધાર્મિક સંવાદિતા પ્રસ્થાપિત થાય તે માટે આ વર્ષે પ્રથમ વખત G20ની પૂર્વ સંધ્યાઓમાં તેના જ એક ભાગરૂપે R20 યોજાઈ ગયું.

આ R20માં પરંપરાગત સનાતન હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને નિમંત્રિત કરવામાં આવી હતી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી પ્રતિનિધિત્વ કરવા સંસ્થાના વિદ્વાન સંત મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષે યોજાયેલો આ પ્રસંગ વૈશ્વિક ધાર્મિક સંવાદિતા માટે તેઓએ આજીવન કરેલી હિમાયતની ઉજવણીનો જાણે પ્રસંગ બની રહ્યો. આ આમંત્રણ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની વિશ્વના વિવિધ ધાર્મિક સમુદાયો સાથેના સંવાદો, પરસ્પરના આદર-સમજણ અને બહોળા સાથ-સહયોગ માટેની કટિબદ્ધતાનો પુરાવો અને સમર્થન સમાન બની રહ્યું છે.

### R20 પરિષદ પૂર્વભૂમિકા અને મહત્ત્વ

R20 એ ૨૧મી સદીના વૈશ્વિક પડકારો અને તેના ઉકેલોની ચર્ચા કરવા G20ના સભ્ય રાષ્ટ્રોના ધાર્મિક વડાઓને નજીક લાવતી એક નવીન પહેલ છે.

R20ના સ્થાપક અધ્યક્ષો શ્રી ક્યાઇ હાજી યાહ્યા ચોલીલ સ્તકફ (‘નાહદતુલ ઉલામા’ નામની સંસ્થાના મહાસચિવ, ઈન્ડોનેશિયા) અને મહામહિમ શ્રી શેખ મોહંમદ બિન અબ્દુલ કરીમ અલ-ઈસા (મુસ્લિમ વર્લ્ડ લીગના મહાસચિવ, સાઉદી અરેબિયા)એ R20નો ઉદ્દેશ સમજાવતાં કહ્યું હતું, ‘R20 દ્વારા અમે સમગ્ર માનવજાત માટે એક એવા આંદોલનનો આરંભ કરવા માંગીએ છીએ, જેના દ્વારા દરેક ધર્મના અને દરેક રાષ્ટ્રના સારી ભાવનાવાળા લોકો ઉત્તમ નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો દ્વારા દુનિયાની સત્તાઓને સંગઠિત કરવામાં મદદરૂપ થઈ શકે.’

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ મહામહિમ જોકો વિડોડોએ R20 પરિષદના ઉદ્‌ઘાટન સત્રમાં સંબોધન કરતાં વિશ્વના ધાર્મિક નેતાઓ અને વિદ્વાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

**પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીનું સંબોધન**

આયોજકોએ સમગ્ર વિશ્વના ૪૦૦થી વધારે આદરણીય પ્રતિનિધિઓના સમુદાયને સંબોધનારા વક્તાઓમાંના એક મુખ્ય વક્તા તરીકે મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીને આમંત્રિત કર્યા હતા.






R20ને સંબોધતા ભદ્રેશ સ્વામી... ખ્રિસ્તી ધર્મના વડા આર્કબિશપ શ્રી પિયરો પીયોપો (વેટિકન-ઇન્ડોનેશિયા) સાથે સંવાદ...

આજે સમગ્ર વિશ્વમાં અગ્રણી ભારતીય દાર્શનિકોમાંના એક ભદ્રેશદાસ સ્વામીએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ન્યૂયોર્કમાં સન ૨૦૦૦માં યુનાઈટેડ નેશન્સ (યુનો) દ્વારા યોજાયેલી મિલેનિયમ વર્લ્ડ પીસ સમિટ (વિશ્વ શાંતિ પરિષદ)માં આપેલા ધાર્મિક સંવાદિતાના સંદેશને યાદ કરીને, તેઓની જન્મ શતાબ્દીએ શ્રદ્ધાંજલિ અર્પીને સંબોધનની શરૂઆત કરી હતી.

ત્યારબાદ ભદ્રેશદાસ સ્વામીએ ઈન્ડોનેશિયાનું સૂત્ર ‘‘ભિન્નેકા તુંગલ ઈકા’’ ટાંકીને પુનરાવર્તિત કર્યું કે ‘હા, આપણે જુદા છીએ, છતાં આપણે એક છીએ. એક માનવજાત. એક કુટુંબ. એક ઘર. જેમ પ્રાચીન ઋગ્વેદ ઘોષણા કરે છેઃ યત્ર વિશ્વં ભવતિ એક નીડમ્.’’ ભદ્રેશદાસ સ્વામીએ વેદો, ઉપનિષદો, શ્રીમદ્ ભગવદ્ ગીતા, ભગવાન સ્વામિનારાયણ અને ભારતના મહાન ચિંતકોના સાર્વત્રિક અને સમયાતીત જ્ઞાનનો નિર્દેશ કરીને ‘ધર્મ’ની વધુ સાર્વત્રિક વ્યાખ્યા કરવા અને તેમાંથી શાંતિ, પ્રેમ, મિત્રતા, આદર અને કરુણા જેવાં સાર્વત્રિક, ધાર્મિક મૂલ્યો બહાર લાવવા સૌને પ્રોત્સાહિત કર્યા. જેના દ્વારા સંઘર્ષોનું શાંતિમય સમાધાન થાય અને વૈશ્વિક ધાર્મિક સંવાદિતાને પોષણ મળે એવાં મૂલ્યોને પોષણ આપવાની તેઓએ વાત કરી. તેઓએ માત્ર બૌદ્ધિક પ્રવચનોને નહીં પણ પ્રેમ, હિંમત અને નમ્રતા દ્વારા હૃદય-હૃદય વચ્ચે સમજણનો સેતુ રચાય, પરસ્પર સુહૃદભાવ અને શુભ શીખવાની ભાવનાનો વિકાસ થાય તેવા ‘એક્ટિવ ડાયલોગ’ પર ખૂબ ભાર મૂક્યો.

તેમણે જણાવ્યું કે ‘તો જ આપણે અન્ય ધર્મોના અસ્તિત્વને જેમ છે તેમ, ભેદભાવ વિના અને હલકું પાડ્યા વિના સ્વીકારી શકીશું. તો જ બધા ધર્મો વચ્ચે પરસ્પર આદર થઈ શકશે, માનવીય ગૌરવ માટે આદર થઈ શકશે અને કોઈપણ નફરત કે ઉશ્કેરણી વિના આધ્યાત્મિક અખંડિતતા રચાઈ શકશે. પછી આપણે પોતાને અપૂર્ણ કે અસુરક્ષિત અનુભવ્યા વિના એકબીજામાંથી જે સારું છે અને ઉમદા છે તે શીખી શકીશું. આંતરધર્મ સંવાદિતા માટે પોતાના ધર્મને છોડવાની કે ગૌણ કરવાની જરૂર નથી, પણ તેમાં રહીને વધારે મજબૂત થવાની જરૂર છે.’

અંતે ભદ્રેશદાસ સ્વામીએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આપેલો સંદેશ - ‘વસુધૈવ કુટુંબકમ્’ની ભાવના સાથે ‘વૈશ્વિક સંવાદિતાના વર્તુળને વિસ્તારીએ’ પર વિશેષ ભાર મૂક્યો.

સનાતન હિન્દુ ધર્મના સિદ્ધાંતોને આધારે ભારતના અન્ય બે વક્તાઓએ પણ ધાર્મિક સંવાદિતા પર છટાદાર વાતો કરી હતી. જેમાંના એક હતા - પૂજ્ય સ્વામી શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજ, જેઓ શ્રી રામજન્મભૂમિ ટ્રસ્ટના ખજાનચી અને પ્રસિદ્ધ વિદ્વાન સંત છે. બીજા હતા - પૂજ્ય સ્વામી શ્રી મિત્રાનંદ સરસ્વતીજી, જેઓ ભારતના ચિન્મય યુવા કેન્દ્રના અધ્યક્ષ છે. અન્ય વક્તાઓમાં વિશ્વભરના તમામ ધર્મોના આદરણીય ધર્મવડાઓ અને પ્રતિનિધિઓ તેમજ ધર્મોના પ્રખ્યાત વિદ્વાનોની પ્રભાવશાળી શૃંખલા હતી.

**વધુ સંવાદ અને અભિનંદન**

આંતરધર્મ-સંવાદિતાનો વિશેષ સંવાદ સાધવા માટે પરિષદ દરમિયાન અને તે સિવાયના સમયમાં પણ ભદ્રેશદાસ સ્વામી ઘણા ધાર્મિક પ્રતિનિધિઓને મળ્યા. પરિષદના મુખ્ય આયોજકોમાંના એક અને યુનિવર્સિટી ઓફ ડલાસના

રાજનીતિજ્ઞ વિદ્વાન ડૉ. ટિમોથી સેમ્યુઅલ શાહે એક વ્યક્તિગત ઈન્ટરવ્યૂમાં પ્રાચીન ધાર્મિક અને દાર્શનિક પરંપરાના મહાન બોધને સુંદર પ્રવચનમાં આવરી લેવા બદલ ભદ્રેશદાસ સ્વામીનો આભાર માન્યો. તેમણે સમગ્ર પરિષદની સમિતિ વતી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને પ્રાર્થના અને પ્રેમાશિષ પાઠવવા વિનંતી પણ કરી.

આયોજક સમિતિના અન્ય અગ્રણી સલાહકાર અને 'સેન્ટર ફોર શેર્ડ સિવિલાઈઝેશનલ વૅલ્યૂઝ'ના નાયબ અધ્યક્ષ તેમજ સીઈઓ સી. હોલૅન્ડ ટેલરે 'હિન્દુ પરંપરાનાં જ્ઞાન, સૌંદર્ય અને શુદ્ધતાને મૂર્તિમાન કરવા બદલ અને R20માં સામેલ થનાર બધાને ભગવાન અને માનવતાની સેવા કરવાની પ્રેરણા આપવા બદલ' ભદ્રેશદાસ સ્વામીને બિરદાવ્યા હતા.

આ કાર્યક્રમમાં રચનાત્મક રીતે જોડાવા બદલ અંગત આભાર માનીને વિશ્વની પ્રસિદ્ધ મુસ્લિમ સંસ્થાના અધ્યક્ષ શ્રી ક્યાઇ હાજી યાહ્યા ચોલીલ સ્તકફે પણ ભદ્રેશદાસ સ્વામી અને ભારતના અન્ય હિન્દુ ધર્મગુરુઓને જણાવ્યું, 'આપ સમગ્ર માનવજાત અને આપણી ભવિષ્યની વૈશ્વિક સંસ્કૃતિને કંઈક હકારાત્મક અને ઉમદા યોગદાન આપી શકો તેવા શુદ્ધ અને સાચા હૃદયથી આવ્યા છો, એટલું જ નહીં, આપ પણ અમારી સાથે વૈશ્વિક સમસ્યાઓનો ઉકેલ લાવવા મહેનત કરવાના છો, તેને હું બિરદાવું છું.'

**આધ્યાત્મિક ઈકોલોજીનો પ્રારંભ**

R20 પરિષદના પૂર્વ દિને તા. ૩૧ ઑક્ટોબર ૨૦૨૨, સોમવારના દિવસે બાલીમાં હિન્દુ મંદિર, મસ્જિદ, પ્રોટેસ્ટન્ટ અને કૅથોલિક દેવળો તથા બુદ્ધ વિહાર એમ પાંચ લગોલગ ધાર્મિક સ્થાનો ધરાવતા 'પૂજા મંડાલ'ના આધ્યાત્મિક સંકુલમાં વિશિષ્ટ વૃક્ષારોપણવિધિ યોજવામાં આવ્યો હતો, જેમાં વિશ્વના ધાર્મિક વડાઓ પ્રકૃતિ અને સમાજ વચ્ચે સંતુલન પોષવાના હેતુથી એક 'સ્પિરિચ્યુઅલ ઈકોલૉજી' આંદોલન શરૂ કરવા એકત્રિત થયા હતા.

હિન્દુ ધર્મમાં પવિત્ર ગણાતાં ૨૦ વૃક્ષોનું રોપણ કરતાં પૂર્વે બાલીના હિન્દુ પૂજારીએ કરાવેલી ધાર્મિક વિધિ દ્વારા સમારોહનો પ્રારંભ થયો હતો. આ અવસરે ભદ્રેશદાસ સ્વામીએ હિન્દુ ધર્મ અને વૈદિક સમાજમાં વૃક્ષોના મહિમાનો પ્રેરક સંદેશ આપ્યો. તેઓએ ઉમેર્યું: 'જ્યારે આપણે પ્રકૃતિની પવિત્રતા અને માનવતા સાથેનું તેનું જોડાણ સ્વીકારીશું ત્યારે પૃથ્વી પર જીવન






ઇન્ટરનેશનલ શિન્તો સ્ટડીઝ, જાપાનના ધર્મગુરુ શ્રી યોશિનોબુ તથા વર્લ્ડ મુસ્લિમ લીગના મહાસચિવ શ્રી અલ ઇસા સાથે સંવાદ

ટકવું શક્ય બનશે. તે જ રીતે, આપણે જ્યારે બધા જ ધર્મોની પવિત્રતાને સ્વીકારીશું ત્યારે આપણે માનવતાને પાંગરવામાં અને ખીલવામાં મદદ કરી શકીશું.'

આ વિધિ બાદ, R20ના સહાધ્યક્ષ અને સાઉદી અરેબિયા સ્થિત મુસ્લિમ વર્લ્ડ લીગના મહાસચિવ મહામહિમ શેખ મોહંમદ બિન અબ્દુલ કરીમ અલ-ઈસાએ પણ ભદ્રેશદાસ સ્વામીના હાથમાં હાથ મિલાવીને તેઓએ ૨૦માંથી એક પવિત્ર વૃક્ષનું રોપણ કરતા પૂર્વે સંમેલનને અરબી પ્રાર્થનામાં જોડ્યા.

**ભારતમાં R20 પરિષદ ૨૦૨૩**

તા. ૩ નવેમ્બર ૨૦૨૨ના રોજ એક ઉત્સાહસભર સમારંભમાં ઇન્ડોનેશિયાએ ઔપચારિક રીતે આગામી વર્ષ ૨૦૨૩ની R20 પરિષદનું યજમાનપદ ભારતને સોંપ્યું. ભારતમાં યોજાનાર આ R20 પરિષદના આયોજનમાં માર્ગદર્શન આપવા ભદ્રેશદાસ સ્વામીને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જકાર્તામાં તેઓએ ૫-૬ નવેમ્બર ૨૦૨૨ દરમિયાન યોજાયેલ આ વિમર્શમાં આવતા વર્ષે થનાર R20 પરિષદની પૂર્વ કાર્યવાહીમાં ભાગ લીધો હતો.

આમ, પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે તેઓનો આધ્યાત્મિક સંદેશ લઈને સનાતન હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કરતાં ભદ્રેશદાસ સ્વામીએ R20 સંમેલનમાં સૌનાં હૃદય પર હિન્દુ સનાતન ધર્મની એક અમીટ છાપ છોડી હતી. ◆



# ઓસ્ટ્રેલિયાના વિશ્વવિખ્યાત ઓપેરા હાઉસમાં ગુંજ્યાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનાં પડઘમ...

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની ઉજવણી દેશવિદેશમાં અનેકવિધ સ્તરે પ્રભાવક રીતે થઈ રહી છે. તે શૃંખલામાં તાજેતરમાં ઓસ્ટ્રેલિયાના સિડની મહાનગરમાં આવેલા વિશ્વવિખ્યાત ઓપેરા હાઉસ ખાતે પૂજ્ય ડૉક્ટર સ્વામીની ઉપસ્થિતિમાં પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પતો એક ભવ્ય કાર્યક્રમ તા. ૧૩-૧૦-૨૦૨૨ના રોજ યોજાઈ ગયો.

આ શાનદાર કાર્યક્રમનો લાભ લેવા સેંકડો ભક્તો-ભાવિકો ઓપેરા હાઉસમાં આવી પહોંચ્યા હતા. મુખ્ય સભાગૃહમાં પ્રવેશતાં પૂર્વે સૌએ વિશ્વવંદનીય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્યની પ્રેરક રજૂઆત કરતું એક અદ્‌ભુત પ્રદર્શન માણ્યું હતું. સ્વામીશ્રીએ કરેલાં અનેકવિધ વિરલ કાર્યોને હૃદયસ્થ કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિને પુષ્પાંજલિ અર્પણ કરીને સૌએ સભાગૃહમાં સ્વયંસેવકોએ ગોઠવેલી સુંદર વ્યવસ્થા પ્રમાણે પોતપોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું. ભૌતિકતાના અનેકવિધ રંગારંગ કાર્યક્રમ માટે જાણીતા ઓપેરા હાઉસનું સભાગૃહ આજે જાણે ભક્તિના રંગે રંગાઈ ચૂક્યું હતું.

'બીજાના સુખમાં આપણું સુખ' - એ પ્રમુખસ્વામી મહારાજના જીવનસૂત્ર પર આધારિત અને તેઓનાં વાત્સલ્ય, સેવા અને સમર્પણની ભાવનાને પ્રગટ કરતા આજના સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ થયો એક અદ્‌ભુત પ્રસ્તુતિ દ્વારા. પ્રેરણાસ્રોત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં જીવન, સંદેશ અને અતુલનીય કાર્યોની પ્રસ્તુતિ એક નૃત્ય-નાટિકા દ્વારા પ્રભાવક રીતે થવા માંડી. જેમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નાતજાત, રંગભેદ કે અમીર-ગરીબના ભેદભાવ વિના લોકો પર કરેલી વાત્સલ્યવર્ષા, દેશવિદેશમાં સર્જાયેલી અનેકવિધ કુદરતી આપત્તિઓમાં અસરગ્રસ્તો વચ્ચે જઈને વહાવેલી

કરુણાવર્ષાના પ્રસંગોની હૃદયસ્પર્શી પ્રસ્તુતિ થઈ. ગુરુહરિના પ્રેરક પ્રસંગોની હારમાળા, ભક્તિસભર નૃત્યો, અદ્‌ભુત દૃશ્યાવલિઓ, પશ્ચાદ્‌ભૂમાં વિશાળ ડિજિટલ સ્ક્રીન પર ઐતિહાસિક છબિઓએ સૌનાં મન-હૃદય પર અમીટ છાપ અંકિત કરી દીધી. સાથે સાથે જ્ઞાનનો પ્રકાશ રેલાવતાં પ્રવચનોએ સૌને ભક્તિભીના કરી દીધા હતા. આ સમગ્ર પ્રસ્તુતિ સૌનાં હૃદય ભીંજવી ગઈ હતી.

આ નૃત્યનાટિકામાં ૧૨૫ આબાલવૃદ્ધ ભક્તોએ સાંસ્કૃતિક નૃત્ય, સંવાદ વગેરેની શાનદાર પ્રસ્તુતિ કરી હતી. ૨૦ સંગીતજ્ઞ સંતો અને યુવકોએ સવાદ્ય કીર્તનભક્તિ પ્રસ્તુતિ કરીને સૌને ભક્તિસંગીતમાં મગ્ન કરી દીધા હતા.

ઓસ્ટ્રેલિયાના ક્લાઈમેટ અને એનર્જીના ફેડરલ મિનિસ્ટર શ્રી ક્રીસ બોવેને પ્રમુખસ્વામી મહારાજના જીવન સંદેશ વિષયક શાનદાર કાર્યક્રમ નિહાળ્યા પછી પ્રતિભાવ આપતાં કહ્યું : 'આપણે વિશ્વને સંદેશ આપ્યો કે સિડનીના ઓપેરા હાઉસ ખાતે પણ પ્રમુખસ્વામી મહારાજના જન્મ શતાબ્દી મહોત્સવની ઉજવણી શાનદાર રીતે થઈ. માનવતાથી છલકતો તેમનો ઉપદેશ અને સમાજોદ્ધારક કાર્યો ફક્ત ઓસ્ટ્રેલિયામાં જ નહીં વિશ્વના દરેક ખૂણે મહેકતાં રહેશે અને સુચારુ જીવન જીવવા માટે પથદર્શક બની રહેશે. પ્રમુખસ્વામી મહારાજે ભલે લૌકિક રીતે વિદાય લીધી હોય, પરંતુ તેમના વિચારો, સંકલ્પો અને આધ્યાત્મિક શિક્ષણ અને આત્મીયતાથી ઊભરાતું પ્રોત્સાહન વગેરે બધું જ યુગો સુધી લોકોના હૃદયમાં રમતું રહેશે.' કાર્યક્રમના અંતે પૂજ્ય ડૉક્ટર સ્વામીએ આશીર્વચન પાઠવ્યા હતા.

આવા વિશ્વવિખ્યાત આઇકોનિક સ્થળે શાનદાર અને ભવ્ય કાર્યક્રમ સંપન્ન કરીને હરિભક્તોએ રોયલ બોટનિકલ ગાર્ડનમાં ભોજનગ્રહણ કરીને સિડની ઓપેરા હાઉસમાંથી વિદાય લીધી હતી. આજના આ કાર્યક્રમના જીવંત પ્રસારણને ૫૦,૦૦૦થી વધુ ભક્તો-ભાવિકોએ આકંઠ માણ્યું હતું. સ્થાનિક સંતો-કાર્યકરો અને સ્વયંસેવકોએ અપાર મહેનત કરીને આ કાર્યક્રમને સફળ બનાવીને મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ◆

ઓસ્ટ્રેલિયામાં સિડની ખાતેના વિશ્વપ્રસિદ્ધ ઓપેરા હાઉસના શાનદાર સભાગૃહમાં પૂજ્ય ડોક્ટર સ્વામીના સાંનિધ્યમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને અંજલિ અર્પતો શાનદાર કાર્યક્રમ સૌનાં હૃદયને સ્પર્શી ગયો...










# ભાવનગર જિલ્લામાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં શાનદાર રીતે ઊજવાયા પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવો...


સુભાષનગર


સુભાષનગર

## સુભાષનગર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

મંદિર એ પરમાત્માને પામવાનું સ્થળ અને જીવન-ઘડતરની પાઠશાળા છે. આ ભાવના સાથે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભારતીય સંસ્કૃતિના આ અવિભાજ્ય અંગ સમાં ૧૨૦૦થી વધુ મંદિરો રચીને સનાતન હિન્દુ સંસ્કૃતિની મહાન સેવા કરી છે. તે જ શૃંખલામાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ સંસ્કૃતિના શાશ્વત ધામ સમાં મંદિરોની હારમાળા સર્જી રહ્યા છે. તાજેતરમાં તેઓની પ્રેરણાથી, સંતોના માર્ગદર્શન તથા હરિભક્તોના સમર્પણથી ભાવનગરના સુભાષનગર વિસ્તારમાં સુંદર કલાત્મક મંદિર નિર્માણ પામ્યું છે, જેનો ત્રિદિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

તા. ૨૮-૯-૨૦૨૨ના રોજ મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની કૃપાદૃષ્ટિથી સમગ્ર નગર પાવન થાય એ શુભ ભાવનાથી સુભાષનગર વિસ્તારમાં મૂર્તિઓની શાનદાર નગરયાત્રા યોજાઈ હતી. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓથી શોભતા કલાત્મક રથ ઉપરાંત નગરજનોને પ્રેરક સંદેશો આપતાં જુદાં જુદાં આકર્ષણો - કલાત્મક રથ, દેવ બાળકો, નૃત્ય મંડળી, ભજન મંડળી વગેરેથી યુક્ત નગરયાત્રાનાં દર્શન કરીને સૌ ધન્ય બન્યા હતા. ઠાકોરજીને વધાવવાનો લાભ ખૂબ મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકોએ લીધો હતો.

સર્વત્ર શાંતિ અને સંવાદિતાનું, ભક્તિમય પવિત્ર વાતાવરણ બની રહે એવા શુભ હેતુથી તા. ૨૯-૯-૨૦૨૨ના રોજ સુપ્રભાતે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો હતો, જેમાં ૧૭૫ હરિભક્તોએ મહાયજ્ઞમાં યજમાનપદે વિરાજીને પવિત્ર વેદમંત્રોનાં ઉચ્ચારણો સાથે યજ્ઞવિધિનો લાભ લીધો હતો.

તા. ૩૦-૯-૨૦૨૨ના રોજ શાસ્ત્રોક્ત વિધિથી નૂતન મંદિરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા તા. ૧૦-૯-૨૦૨૨ના રોજ પૂજિત અને પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ યજ્ઞપ્રિયદાસ સ્વામી, સોમપ્રકાશદાસ સ્વામી, યોગવિજયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. સુભાષનગરમાં નિર્મિત આ નૂતન મંદિરમાંથી સત્સંગ દ્વારા સંસ્કારની ગંગા સતત વહેતી રહેશે.

## ગુંદાળા ગામ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોની પાવન પદરજથી પવિત્ર થયેલી ગોહિલવાડની ગરવી ભૂમિનું એક નવલું નજરાણું એટલે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વરદહસ્તે પ્રતિષ્ઠિત થયેલું અક્ષરવાડી, ભાવનગરનું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર. આ મંદિર હેઠળ અનેકવિધિ સત્સંગ પ્રવૃત્તિઓ

ચાલી રહી છે. આ સત્સંગ પ્રવૃત્તિઓ અંતર્ગત ભાવનગર જિલ્લાના, સિહોર તાલુકાના, ગુંદાળા ગામમાં તા. ૩૦-૯-૨૦૨૨ના રોજ નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થયું છે.

આમ તો, ગુંદાળા ગામ માટે એમ કહેવાતું હતું કે અહીં વ્યસનો અને અંધશ્રદ્ધાની જમાવટ હતી. પરંતુ ઘણાં વર્ષોથી સોમપ્રકાશદાસ સ્વામી, યોગવિજયદાસ સ્વામી


ગુંદાળા

તેમજ શ્રીજીચિંતનદાસ સ્વામીના વિચરણ અને પરિશ્રમથી અહીં સત્સંગની ફૂલવાડી ખીલી છે. સત્સંગને કારણે અનેક લોકો વ્યસનો તેમજ અંધશ્રદ્ધા મૂકી સત્સંગના માર્ગે આગળ વધ્યા છે. સન ૨૦૧૧માં અહીં સત્સંગમંડળની શરૂઆત થઈ. સન ૨૦૧૬માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભાવનગરથી રાજકોટ જતાં ગામના પાદરે ઊભા રહીને આ ગામને પાવન કરી બધાને દર્શનદાન દીધું હતું.

આમ, સત્સંગની અભિવૃદ્ધિ થતાં અહીં મંદિરની આવશ્યકતા ઊભી થઈ. ભાવનગર મંદિરના કોઠારી પૂજ્ય યોગવિજયદાસ સ્વામીની દેખરેખ હેઠળ અહીં કલાત્મક મંદિર તૈયાર થઈ ગયું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આણંદ ખાતે તા. ૧૦-૯-૨૦૨૨ના રોજ ગુંદાળા મંદિરની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરીને હરિભક્તોને ધન્ય ધન્ય કરી દીધા. થોડા જ દિવસોમાં ટાણું આવ્યું મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનું. તેના ઉપક્રમે તા. ૨૯-૯-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા ગામની શેરીઓમાં યોજાઈ, જેમાં ગુંદાળાના ભક્તો-ભાવિકો ભક્તિભાવપૂર્વક જોડાયા હતા. તા. ૩૦-૯-૨૦૨૨ના રોજ સાયંકાળે પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી, સોમપ્રકાશદાસ સ્વામી તથા યોગવિજયદાસ સ્વામી અને સંતો-હરિભક્તોના સાંનિધ્યમાં ભૂદેવોના પવિત્ર વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે મૂર્તિસ્થાપનવિધિ સંપન્ન થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આ મંદિર પાયાના હરિભક્ત શ્રી ઠાકરશીભાઈ, જીતુભાઈ, વિશાલભાઈ, સુનીલભાઈ, રાકેશભાઈ, સાહિલભાઈ વગેરેના સહયોગથી તેમજ બાળકો, યુવાનો, યુવતીઓ અને મહિલાઓએ કરેલા ભક્તિભર્યા સહિયારા પુરુષાર્થથી નિર્માણ પામ્યું છે.

અહીં વિચરણ કરતા પૂજ્ય ગુણમનનદાસ સ્વામી અને સંતોના માર્ગદર્શન પ્રમાણે ભક્તોએ સંપથી સેવા કરીને સમગ્ર પ્રસંગને શોભાવ્યો હતો. સૌના ભક્તિભાવના પરિણામે આ ગામમાં આવું એક એક નમૂનેદાર મંદિર તૈયાર થયું, તેનો આનંદ સમગ્ર ગામને થયો છે. અને પરિણામે ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયો હતો. ◆

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ગોંડલ — પ્રવેશ તથા સ્ટાફ અંગે

વર્ષોથી શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરવામાં વિખ્યાત એવા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ગોંડલમાં ધો. ૬ થી ૯ તથા ૧૧ વિજ્ઞાન પ્રવાહ-સામાન્ય પ્રવાહ બંને માધ્યમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે, જેની રજિસ્ટ્રેશન લિંક તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૨થી વિદ્યામંદિરની વેબસાઇટ www.bapsgurukulgondal.com પર મૂકવામાં આવશે. આ જ વેબસાઇટ પર તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ પછી લેખિત પ્રવેશ પરીક્ષા અંગેનો કાર્યક્રમ મૂકવામાં આવશે તે પ્રમાણે પરીક્ષા આપવા રૂબરૂ આવવાનું રહેશે. લેખિત પરીક્ષાના આધારે પ્રવેશ અંગે કાર્યવાહી કરવામાં આવશે.

**નોંધ:** ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષમાં ભણાવાતા ગણિત, વિજ્ઞાન અને સત્સંગલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે. તેમજ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષયના પ્રશ્નો પણ પૂછવામાં આવશે.

**સ્ટાફ અંગે:** ગુરુકુળમાં ગૃહપતિ તરીકે સેવા આપવા ઇચ્છતા ઉમેદવારોએ ગુરુકુળના સરનામા અથવા admin.svmgdl@baps.edu.in પર ફોટા સહિત અભ્યાસની સંપૂર્ણ વિગત સાથે અરજી કરવી.

**સંપર્ક :** સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી ગુરુકુળ, એસ.આર.પી. કેમ્પસ સામે, કોટડા સાંગાણી રોડ, ગોંડલ, જિ. રાજકોટ. **મો.** ૯૯૯૮૯૯૨૨૯૦. ◆

# ઓસ્ટ્રેલિયાના કેઈર્ન્સ શહેર ખાતે રચાયું નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર





ઓસ્ટ્રેલિયાના ઉષ્ણકટિબંધના ફાર નોર્થ ક્વીન્સલેન્ડમાં આવેલા કેઈર્ન્સ શહેર ખાતે તાજેતરમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પૂજ્ય ડૉક્ટર સ્વામીની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

ઓસ્ટ્રેલિયાના ગ્રેટ બેરિયર રીફનું પ્રવેશદ્વાર ગણાતા આ શહેરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સતત અભિવૃદ્ધિ પામતા સત્સંગને વિશેષ પુષ્ટિ આપવા માટે અહીં મંદિરની આવશ્યકતા ઊભી થઈ. પરિણામે, ઉત્સાહી હરિભક્તોની સેવા અને સમર્પણભાવથી નૂતન મંદિર નિર્માણ પામ્યું અને તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૧-૧૦-૨૦૨૨ના રોજ ભક્તિભાવપૂર્વક યોજાઈ ગયો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૩૦-૯-૨૦૨૨ના રોજ કેઈર્ન્સ એસ્પ્લેનેડના મુખ્ય માર્ગો પર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યોની મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ, જેમાં ૩૦૦થી વધુ આબાલવૃદ્ધ હરિભક્તો પરંપરાગત પરિવેશમાં સજ્જ બનીને હરખભેર જોડાયા હતા. આ શોભાયાત્રામાં કેઈર્ન્સના રિજનલ કાઉન્સિલ અને કોમ્યુનિટીના ડાઈરેક્ટર શ્રી ડેસ્ટ્રી પુઈઆ તેમની ટીમ સાથે જોડાયા હતા. સંધ્યાસભાના સંગીતજ્ઞ સંતોએ તેમજ બાળકો, કિશોરો અને યુવાનોએ કીર્તનભક્તિ રજૂ કરી હતી.



તા. ૧-૧૦-૨૦૨૨ના રોજ માંગલિક સવારે સંતોની ઉપસ્થિતિમાં યોજાયેલી વેદોક્ત મહાપૂજાવિધિમાં હરિભક્તો અને હિન્દુ સમુદાયના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને પૂજાવિધિનો લાભ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૧૨-૧-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ કર્યો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ આશીર્વચન પાઠવીને આ મંદિરનો મહત્તમ લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો. સભામાં શ્રી માઈકલ હેલી(આસિસ્ટન્ટ મિનિસ્ટર, ક્વીન્સલેન્ડ), શ્રી કેથી ઝેઈગર(કાઉન્સિલર, રિજનલ કાઉન્સિલ) શ્રી જેમ્સ મેકપીક(ડાઈરેક્ટર, ટાઉન પ્લાનિંગ) પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓ હિન્દુ સંસ્કૃતિ અને બી.એ.પી.એસ. સંસ્થાનાં મૂલ્યોથી પ્રભાવિત થયા હતા. આમ, ઑસ્ટ્રેલિયા ખંડમાં એક વધુ નૂતન મંદિર સાકાર થઈ ગયું. ◆

# મોરબી પુલ દુર્ઘટનામાં બચાવ અને રાહતકાર્યમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા






તા. ૩૦-૧૦-૨૦૨૨ના રોજ સાંજે ૬-૩૦ વાગ્યે ઝૂલતો પુલ તૂટવાની દુર્ઘટના સર્જાતાં મોરબીવાસીઓ માટે રવિવારનો દિવસ ગોઝારો બની ગયો. મોરબી શહેર વચ્ચેથી વહેતી મચ્છુ નદી પર નવીનીકરણ પામેલો ઝૂલતો પુલ ત્રણ-ચાર દિવસોથી સૌનાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. દિવાળીની રજાઓ અને વળી રવિવારનો દિવસ હોવાથી મોટી સંખ્યામાં લોકો ઝૂલતા પુલની મજા લેવા આવી પહોંચ્યા હતા. અચાનક વચ્ચેથી પુલ તૂટી જવાથી સેંકડો લોકો નદીના પાણીમાં ગરકાવ થઈ ગયા અને પળભરમાં ચારેકોર હૃદય ચીરતી કિકિયારીઓથી માતમ છવાઈ ગયો હતો.

તે જ ક્ષણે આ અફરાતફરી વચ્ચે ઝૂલતા પુલની નજીક આવેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં નિર્માણકાર્યની સેવામાં જોડાયેલા એક સ્વયંસેવક શ્રી સુભાષભાઈએ એક પળનો પણ વિલંબ કર્યા વિના તુરંત બચાવ કાર્યવાહી માટે પાણીમાં ઝંપલાવ્યું હતું. સુભાષભાઈની આ સમયસૂચકતાથી તેમણે છ વ્યક્તિને પાણીમાંથી જીવતી બચાવી હતી અને અન્ય બે વ્યક્તિને બહાર લઈ આવ્યા પછી તેઓનું મૃત્યુ થયું હતું. થોડી જ પળોમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી સંતો અને મંદિરનિર્માણમાં જોડાયેલા અન્ય સ્વયંસેવકો પણ આ બચાવ કાર્યવાહીમાં શીઘ્ર ગતિથી લાગી ગયા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ દુર્ઘટનામાં જેમણે સ્વજનો ગુમાવ્યા હતા એવા પરિવારજનો માટે ભગવાનનાં ચરણોમાં હૃદયપૂર્વક પ્રાર્થના કરીને સહાનુભૂતિ દર્શાવી હતી. સ્વામીશ્રીની આજ્ઞાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર દ્વારા ત્વરિત રાહત રસોડાનો પણ આરંભ થયો હતો. અત્રે બચાવ કાર્યવાહીમાં જોડાયેલા લશ્કરી જવાનો અને અન્ય લોકોને માટે પણ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ દુર્ઘટના વખતે ત્યાં હાજર રહેલા અનેક લોકોએ માનવતા દાખવી સમયસૂચકતાથી સેંકડો વ્યક્તિઓના જીવ બચાવવા માટે ખૂબ પ્રયાસો કર્યા હતા. સંસ્થાના સ્વયંસેવકોએ પણ અનેક લોકોને બચાવી લઈને યોગ્ય શીઘ્ર સારવાર આપી હતી.

તા. ૧-૧૧-૨૦૨૨ના રોજ ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઘટનાસ્થળે આવીને રાહતકાર્યનું નિરીક્ષણ કર્યું ત્યારે બી.એ.પી.એસ. સંસ્થાના સંતો અને સ્વયંસેવકોએ કરેલી બચાવ કામગીરી અને સેવાકાર્યને વડાપ્રધાનશ્રીએ બિરદાવ્યું હતું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે દાયકાઓ પહેલા મચ્છુ ડેમ દુર્ઘટનામાં કરેલી સેવાઓની સ્મૃતિ સાથે સંતો-સ્વયંસેવકોએ આ સેવા કરીને પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે એક અર્ઘ્ય અર્પ્યું હતું. ◆

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥




गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**વર્ષ : ૮૪, અંક : ૧૨, ડિસેમ્બર, ૨૦૨૨**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી દ્વારા સ્થાપિત ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસજી
સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ,
સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ,
સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ-૪.**

**Website:**
**www.baps.org, magazines.baps.org**




# તીર્થધામ સારંગપુરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા ઉત્સવ

## નમ્ર નિવેદન

આપને જણાવતાં આનંદ થાય છે કે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિમાં, તીર્થસ્થાન સારંગપુરમાં તેઓને અંજલિ અર્પતા નવનિર્મિત સ્મૃતિમંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે તેઓની મૂર્તિનો પ્રતિષ્ઠાવિધિ તા. ૨૬-૧-૨૦૨૩, વસંત પંચમીના શુભ દિવસે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે થનાર છે. આ ઉત્સવમાં લાભ લેવાનો સૌને ઉત્સાહ હોય તે સ્વાભાવિક છે. પરંતુ આપ સૌને સુવિદિત છે કે તીર્થધામ સારંગપુરમાં ઉતારાની વ્યવસ્થા મર્યાદિત છે. મોટી સંખ્યામાં દૂર દૂરથી આવનાર મોટેરા મહેમાનો માટે પણ વ્યવસ્થા કરવી કઠણ છે. તે સૌની વ્યવસ્થા સારી રીતે જળવાઈ રહે એ માટે આપ સૌના સાથ-સહકારની ખાસ આવશ્યકતા છે. આ માટે નીચેની સૂચનાઓ લક્ષ્યમાં લેશો:

- તા. ૨૬-૧-’૨૩, ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ દરમ્યાન પ્રતિષ્ઠા કાર્યક્રમ રહેશે. એ દિવસે સ્વામીશ્રી પ્રાત:પૂજા-દર્શન આપશે નહીં.
- તેથી, લાભ લેવા ઈચ્છતા હરિભક્તો તા. ૨૬-૧-’૨૩, ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યા સુધીમાં પહોંચે તો તેઓ સારી રીતે લાભ લઈ શકશે. એટલે સૌ સવારે જ આવે તે ઈચ્છનીય છે.
- સારંગપુર કે ગઢડા મંદિરમાં અથવા તો આસપાસનાં ગામોમાં ઉતારાની વ્યવસ્થા ફક્ત મહેમાનો માટે જ આરક્ષિત રહેશે.
- તેથી આપણે સૌ સવારે પધારીને જ આ ઉત્સવનો લાભ લઈને ગુરુહરિનો અંતરનો રાજીપો પ્રાપ્ત કરીએ એ જ વિનંતી.
- સૌએ ખાસ નોંધ લેવી કે, ઘરે બેઠાં પણ આ ઉત્સવનો લાભ મળે તે હેતુથી તેનું લાઈવ વેબકાસ્ટ પણ કરવામાં આવશે.

લિ.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી,
**સાધુ જ્ઞાનેશ્વરદાસ** (કોઠારી સ્વામી, બી.એ.પી.એસ. સારંગપુર)

# બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ

## રોજ ઘરે બેઠાં મહોત્સવનો લાભ **ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલ** દ્વારા...

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં **તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૨થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૩** દરમ્યાન અમદાવાદ ખાતે ઊજવાનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો લાભ લાખો ભક્તો-ભાવિકો નિર્ધારિત દિવસે પ્રત્યક્ષ પ્રાપ્ત કરશે. અન્ય દિવસોમાં પણ તેઓ અને દેશ વિદેશમાં અન્ય અસંખ્ય ભક્તો-ભાવિકો ઘરે બેઠાં મહોત્સવનો લાભ પ્રાપ્ત કરી શકે તે માટે **'ગુજરાત ફર્સ્ટ'** ટીવી ચેનલ દ્વારા તેમજ **live.psm100.org** પર નીચેના સમયે વિવિધ રીતે મહોત્સવના સમાચારો નિયમિત પ્રસારિત કરવામાં આવશે, તો સૌએ તેનો અવશ્ય લાભ લેવો.

- **ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ:**
  **તારીખ ૧૪ ડિસેમ્બર ૨૦૨૨, સાંજે ૪:૪૫ થી ૮:૦૦,**
  **પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે**
- **સ્વામીશ્રીની પ્રાતઃપૂજા:**
  **તા. ૧૫-૧૨-૨૦૨૨ થી તા. ૧૫-૧-૨૦૨૩, દરરોજ સવારે ૬:૧૫ થી ૭:૩૦**
- **રોજ રાત્રે મહોત્સવની નિત્ય ઝલક અવશ્ય માણો:**
  **રોજ રાત્રે ૯:૦૦ થી ૯:૪૫ ગુજરાતી - હિન્દીમાં, રોજ રાત્રે ૯:૪૫ થી ૧૦:૩૦ અંગ્રેજીમાં**
- **મહોત્સવનો શાનદાર પૂર્ણાહુતિ સમારોહ: તારીખ ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ સાંજે ૪:૪૫ થી ૮:૦૦**

**નોંધ: આ સિવાય અન્ય ટીવી ચેનલો દ્વારા પણ સમયે સમયે નિયમિત સમાચારો પ્રસારિત થશે. તેનો પણ લાભ લેવો.**

### ગુજરાત ફર્સ્ટ ન્યૂઝ ચેનલ નીચેનાં તમામ DTH નેટવર્ક તથા તમામ કેબલ નેટવર્ક અને પ્લેટફોર્મ પર માણી શકશો.

GUJARAT FIRST NEWS

Baps.gujaratfirst.com

@Gujarat1st
GujaratFirst
@GujaratFirst
gujaratfirst.com
@GujaratFirst
@GujaratFirst

| | | | | | |
|---|---|---|---|---|---|
| d2h Videocon | airtel | GTPL | TATA PLAY | dishtv | dL GTPL |
| 1652 | 590 | 263 | 1735 | 1301 | SURAT 229 |
| in digital | in digital | in digital | SSDM | DEN | DEN |
| VADODARA 570 | SURAT 580 | AHMEDABAD 564 | 574 | RAJKOT 590 | VADODARA 567 |

### નીચેના OTT પ્લેટફોર્મ પર મહોત્સવના સમાચાર પ્રસારિત થશે.

OTT INDIA
रग रग में हिंदुस्तान

baps.ottindia.app

@ottindia
@ottindiagujarati
@OttIndiaGujarat
OTT India
@OttIndia1
OttIndia_gujarat
OttIndia
OTT India Bhakti
OTT India (ભક્તિ)

### નીચેના બી.એ.પી.એસ. પ્લેટફોર્મ પર સમાચાર પ્રસારિત થશે.

100 પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ
૧૯૨૧-૨૦૨૧

live.psm100.org


@psm100yrs
psm100yrs
@psm100yrs
psm100yrs


મહોત્સવના વિશેષ સમાચાર અને પ્રસારણ માટે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની વેબસાઈટ તથા વિવિધ સોશિયલ મીડિયા સાથે જોડાયેલા રહો.

Swaminarayan Prakash Gujarati, December 2022, Published on 1-12-2022. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.











આમંત્રણ


પ્રમુખ સ્વામી મહારાજ
શતાબ્દી મહોત્સવે આપ સૌને
ભાવભીનું આમંત્રણ છે

તારીખ:
15TH December 2022 થી
15TH January 2023

સ્થળ:
અમદાવાદ, ગુજરાત

From:
સ્વામી કેશવજીવનદાસ

100
પ્રમુખસ્વામી મહારાજ
શતાબ્દી મહોત્સવ
૧૯૨૧-૨૦૨૧



**Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4.**
**Editor - Sadhu Swayamprakashdas**